વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ બારસ • તારીખ : ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૩, સોમવાર • વર્ષ : ૧૫ • અંક : ૪૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



**વડાપ્રધાન મોદીએ કર્યું સ્વાગત :** વૈશ્વિક નેતાઓએ દિલ્હીના રાજઘાટ પહોંચી મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી અને પુષ્પાંજલિ અર્પણ કરી

## G20ના તમામ વૈશ્વિક નેતા પહોંચ્યા બાપુની સમાધિએ

। નવી દિલ્હી, તા.૧૦ ।

G20 નેતાઓ રવિવારે ૧૦ સપ્ટેમ્બરના રોજ મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ પર પહોંચ્યા અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલાથી જ રાજઘાટ પર હાજર હતા અને તમામ નેતાઓનું ખાદીની શાલ પહેરાવીને સ્વાગત કર્યું હતું. G20ના તમામ વૈશ્વિક નેતાઓ રાજઘાટ પહોંચીને અહીં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ, વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગા, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનમ, એશિયન ડેવલપમેન્ટ બેંકના પ્રમુખ માસાત્સુગુ આસાકાવા, IMFના મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટલિના જ્યોર્જિવા અને અન્ય નેતાઓ અને પ્રતિનિધિઓએ દિલ્હીના રાજઘાટ પહોંચી મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ સિવાય યુનાઈટેડ મેક્સિકન સ્ટેટ્સના ઈકોનોમી મિનિસ્ટર રાક્વેલ બ્યુનોસ્ટ્રો સાંચેઝ દિલ્હીના રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા અને પુષ્પાંજલિ અર્પણ કરવા પહોંચ્યા હતા. સ્પેનના ઉપરાષ્ટ્રપતિ નાદિયા કેલ્વિનો, સિંગાપોરના વડા પ્રધાન લી સિએન લૂંગ, નેધરલેન્ડના વડા પ્રધાન માર્ક રુટ્ટે, મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ કુમાર જુગનાથ, ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતાહ અલ-સીસી, બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીના અને ઘણા નેતાઓ રાજઘાટ પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે દિલ્હીમાં ચાલી રહેલા G20 સમિટનો રવિવારે છેલ્લો દિવસ હતો. G20 સમિટના અંતિમ દિવસે વડાપ્રધાન મોદી કેનેડા, તુર્કી, UAE અને દક્ષિણ કોરિયા સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. જ્યારે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સોમવારે એટલે કે ૧૧ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.

### આપણે એક પરિવારની જેમ કામ કરવું પડશે : વડાપ્રધાન મોદી

## નવેમ્બરમાં વર્ચ્યુઅલ કોન્ફરન્સના સૂચન સાથે G-20 સમિટનું સમાપન

### આગામી વર્ષે બ્રાઝિલમાં G-20 સમિટનું આયોજન થશે, જેની અધ્યક્ષતા બ્રાઝિલ કરશે : મોરોક્કોમાં ભૂકંપમાં થયેલ જાનહાનિ પર પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો

। નવી દિલ્હી, તા.૧૦ ।

જી-૨૦ સમિટનું ત્રીજું સત્ર દિલ્હીમાં પૂર્ણ થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રાઝિલને જી-૨૦નું પ્રમુખપદ સોંપ્યું છે. વડાપ્રધાન મોદીએ બ્રાઝિલને જી-૨૦નું પ્રમુખપદ સોંપવા પર ખુશી વ્યક્ત કરી. આગામી વર્ષે બ્રાઝિલમાં જી-૨૦ સમિટનું આયોજન કરવામાં આવશે. જેની અધ્યક્ષતા બ્રાઝિલ કરશે. જી-૨૦ના ત્રીજા સત્રમાં પોતાના ભાષણમાં પીએમ મોદીએ કહ્યું કે વૈશ્વિક પરિવારનું સપનું સાકાર થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે અમારો ભાર જીડીપી પર નહીં પણ માનવ કેન્દ્રિત વિઝન પર છે. જી-૨૦ સમિટમાં તમામ દેશોના નેતાઓએ ફોરેસ્ટ થીમ પર પરામર્શ પણ કર્યો છે.

રાજધાની દિલ્હીમાં ૯ સપ્ટેમ્બરથી જી-૨૦ સમિટની શરૂઆત થઈ હતી. જી-૨૦ સમિટનો આજે બીજો દિવસ હતો. વડાપ્રધાન મોદીએ જી-૨૦ના પહેલા દિવસે ભારતીય ધરતી પર તમામ વૈશ્વિક નેતાઓનું સ્વાગત કર્યું હતુ. પીએમ મોદીએ તેમના સંબોધનમાં કહ્યું કે, 'ભારત વિશ્વને વૈશ્વિક વિશ્વાસના




**જેવું આપ સૌ જાણો છો, ભારત પાસે નવેમ્બર સુધી જી૨૦ની અધ્યક્ષતાની જવાબદારી છે. હજુ અઢી મહિનાનો સમય બાકી છે. આ બે દિવસમાં આપ સૌએ અહીં અનેક વાતો રજૂ કરી. સૂચનો આપ્યા. ઘણા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યા. આપણે એ જવાબદારી છે કે, જે સૂચનો આવ્યા છે, તેને ફરી એક વાર જોવામાં આવે અને તેની પ્રગતિમાં કેવી રીતે ગતિ લાવી શકાય તેના વિશે વાત થાય.**

અભાવને વિશ્વાસ અને નિર્ભરતામાં બદલવાનું આહ્વાન કરે છે. આ સમય છે આપણે સૌ સાથે મળીને આગળ વધવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૨૦ની શરૂઆત પહેલા મોરોક્કોમાં ભૂકંપમાં થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ભારત દરેક સંભવ મદદ કરવા તૈયાર છે. આપને જણાવી દઈએ કે ૧૦ સપ્ટેમ્બર સુધી ચાલનારી આ સમિટ માટે દિલ્હીમાં નક્કર વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હીને દુલ્હનની જેમ સજાવવામાં આવી અને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી. મહેમાનોનું સ્વાગત કરવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી. આ ખાસ કોન્ફરન્સ દરમિયાન સમગ્ર વિશ્વની નજર ભારત પર રહી છે.

જી-૨૦ સમિટની શરૂઆત પહેલા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે (૮ સપ્ટેમ્બર) વિવિધ દેશોના જન પ્રતિનિધિઓ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી હતી. પીએમ મોદીએ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના, યુએસ પ્રમુખ જો બાઈડન, મોરેશિયસના પીએમ પ્રવિંદ કુમાર જુગનાથ સાથે દ્વિપક્ષીય વાર્તામાં ભાગ લીધો હતો.



## G20 વચ્ચે USA-Bharat વચ્ચે મોટો કરાર

G20 સમિટની બાજુમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ પ્રમુખ જો બાઈડન વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો પણ થઈ હતી. આ વાતચીત દરમિયાન, વિશ્વને પથ્થી આગળ લઈ જવા માટે બંને દેશો વચ્ચે મોટી સહમતિ બંધાઈ હતી. બંને દેશોએ સંયુક્ત રીતે ૬૬ ટેકનોલોજી વિકસાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સંદર્ભમાં એલાયન્સ ફોર ટેલિકોમ્યુનિકેશન્સ ઈન્ડસ્ટ્રી સોલ્યુશન્સ (ATIS)ના 'Next G Alliance' અને Bharat 6G Alliance વચ્ચે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ભાગીદારી હેઠળ ભારત અને અમેરિકા સંયુક્ત રીતે 6G ટેક્નોલોજી પર સંશોધન કરશે. નવી તકો પણ શોધશે. ભારત અને અમેરિકાના આ પગલાથી સમગ્ર વિશ્વને ફાયદો થવાનો છે. બંને દેશો સામાન્ય 6G વિઝન પર કામ કરશે. આના દ્વારા એક વિશ્વસનીય અને સુરક્ષિત ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક વિકસાવવામાં આવશે. આ સાથે 6G ટેક્નોલોજીને સપોર્ટ કરતી સપ્લાય ચેઈન પણ વિકસાવવામાં આવશે. ATISનું 'Next G Alliance' ઉત્તર અમેરિકાના દેશોમાં વાયરલેસ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાની પહેલ છે. તેનું મુખ્ય ધ્યાન આગામી દાયકામાં ખાનગી ક્ષેત્રની મદદથી 6G અને અન્ય વિકાસને વિકસાવવાનું છે. આ માટે રાષ્ટ્રીય 6G રોડમેપ બનાવવામાં આવ્યો છે. આ સાથે લોકોની સામાજિક-આર્થિક જરૂરિયાતોનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. એ જ રીતે, 'Bharat 6G Alliance' એ ભારતીય ઉદ્યોગ, શિક્ષણવિદો, રાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓ અને માનક સેટિંગ સંસ્થાઓનું જોડાણ છે. તે બધા 'ભારત 6G મિશન' માટે સાથે મળીને કામ કરી રહ્યા છે, જે નવીનતાની મદદથી નવી ટેક્નોલોજીને ડિઝાઈન અને વિકસાવવા તરફ કામ કરે છે. તેનો એક ઉદ્દેશ્ય ભારતીય નાગરિકો અને વિશ્વના લોકોને ઉચ્ચ-ગુણવત્તાવાળા જીવનનો અનુભવ પ્રદાન કરવાનો છે. ભારત અને અમેરિકાના આ સાથે આવવાથી ચીનની અર્થવ્યવસ્થા પર મોટો ફટકો પડશે. હાલમાં, ચીન વર્તમાન 5G ટેક્નોલોજી પર પ્રભુત્વ ધરાવે છે. આ ઉપરાંત, ચીન તેની સપ્લાય ચેઈનમાં સૌથી મોટી ભૂમિકા ભજવે છે. જ્યારે ભારત અને અમેરિકા વચ્ચેના કરારમાં 6G ટેક્નોલોજી વિકસાવવાની સાથે સાથે સપ્લાય ચેઈન વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જે ચીનની અર્થવ્યવસ્થા સામે મજબૂત પડકાર ઊભો કરશે.

### ફ્રાન્સના રાષ્ટ્રપતિએ મોદી સાથે દ્વિપક્ષીય વાર્તા કરી

## ભારત અને ફ્રાન્સ વિકાસના નવા રેકોર્ડ બનાવશે : ઈમેન્યુઅલ મેક્રોન

ભારતની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજીત બે દિવસીય જી-૨૦ શિખર સંમેલનનું રવિવારે સમાપન થયું છે. આ બેઠકમાં ભાગ લેવા આવેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મૈક્રોંએ પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાર્તા કરી હતી. મૈક્રોંએ બેઠક બાદ હિન્દુસ્તાન અને પીએમ મોદીની પ્રશંસા કરી. તો પીએમ મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું- રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મૈક્રોંની સાથે બપોરના ભોજનના સમયે ઘણી સાર્થક બેઠક થઈ. અમે ઘણા વિષયો પર ચર્ચા કરી અને અમે તે નક્કી કરવા માટે તત્પર છીએ કે ભારત-ફ્રાન્સ સંબંધ પ્રગતિની નવી ઊંચાઈઓ પર પહોંચે.

મૈક્રોંએ કહ્યુ કે જી-૨૦એ દેશોની સંપ્રભુતા, ક્ષેત્રીય અખંડતાના સિદ્ધાંતોને યથાવત રાખવાની વાત કરી. અમે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ઉંડા સુધારનું સમર્થન કરીએ છીએ જેથી દુનિયાની વર્તમાન વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરી શકે.


મૈક્રોંએ જણાવ્યું કે ફ્રાન્સ ભારતની સાથે રક્ષા સહયોગને વધુ વિકસિત કરશે. વર્તમાન વિભાજિત માહોલને ધ્યાનમાં રાખતા હિન્દુસ્તાને જી૨૦ અધ્યક્ષના રૂપ માં સારૂ પ્રદર્શન કર્યું છે. આ સિવાય તેમણે સોશિયલ મીડિયા એક્સ પર પીએમ મોદીની સાથે ફોતો શેર કરતા વસુધૈવ કુટુમ્બકમ્ લખ્યું છે. ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું, "અહીં વિતાવેલ અદ્ભુત સમય માટે પીએમ મોદી અને ભારતીય લોકોનો આભાર." હું પીએમ મોદી અને લોકોનો ખૂબ ખૂબ આભાર માનું છું.'' તેમણે વધુમાં કહ્યું કે જી-૨૦ સમિટે એકતાનો સંદેશ આપ્યો.

### ભગવાન સ્વામી નારાયણના દર્શન કર્યા

## બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી

### તેમની સાથે પત્ની અક્ષતા મૂર્તિ પણ હતી : મંદિર પરિસરમાં ભ્રમણ કર્યું હતું અને વિધિ વિધાનથી પૂજા અર્ચના પણ કરી

જી ૨૦ શિખર સંમેલનમાં સામેલ થવા માટે બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક રવિવારે સવારે અક્ષરધામ મંદિર, દિલ્હી પહોંચ્યા હતા અને ભગવાન સ્વામી નારાયણના દર્શન કર્યા હતાં.આ દરમ્યાન તેમની સાથે પત્ની અક્ષતા મૂર્તિ પણ હતી. તેમણે મંદિર પરિસરમાં ભ્રમણ કર્યું હતું અને વિધિ વિધાનથી પૂજા અર્ચના પણ કરી હતી. વડાપ્રધાન ખરાબ હવામાન છતાં પણ એક કલાક સુધી મંદિરમાં રહ્યા હતાં. બીએપીએસના જણાવ્યા અનુસાર, પીએમ ઋષિ સુનકનો કાફલો આજે સવારે ૬.૪૫ કલાકે મંદિરે પહોંચ્યો હતો. સદ્ભાવના અને મૂલ્યોના પ્રતીક મંદિરમાં તેમનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વરિષ્ઠ સંતોએ સુનકનું સ્વાગત કર્યું અને મહંત સ્વામી મહારાજનો સંદેશ સંભળાવ્યો હતો. જેમાં વસુધૈવ કુટુંબકમની ભાવનામાં, અમે તમારી



અને ઉપસ્થિત તમામ લોકો માટે પ્રાર્થના કરીએ છીએ. શિખર સંમેલન સમગ્ર દુનિયાને શાંતિ, સમૃદ્ધિ અને વૈશ્વિક સદ્ભાવની દિશામાં સામૂહિક રીતે મદદ કરવામાં સફળ થાય. પ્રધાનમંત્રીને ૧૦૦ એકરમાં ફેલાયેલ સ્વામીનારાયણ અક્ષરધામ મંદિરનું અવલોકન કરાવ્યું, જે ભારતની પરંપરા અને પ્રાચીન વાસ્તુકલાને દર્શાવતા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરિસર છે.

### પાડોશી દેશ ચીનનું ટેન્શન વધી રહ્યું છે

## અમેરિકા સાથે મજબૂત મિત્રતા, ભારતની પકડથી ચીનને લ્હાય લાગી

જી-૨૦ કોન્ફરન્સમાં ભારતની ચમક અને શક્તિને આખી દુનિયા જોઈ રહી છે. વસુધૈવ કુટંબકમના સિદ્ધાંત પર આગળ વધી રહેલું ભારત સંબંધોનો નવો અધ્યાય લખી રહ્યું છે. જે પાડોશી દેશ ચીનને ટેન્શન આપી રહ્યું છે. અમેરિકા સાથે ભારતની મિત્રતા મજબૂત થઈ રહી છે, મધ્ય પૂર્વમાં ભારતના વધતા પગલા ચીનને કાંટાની જેમ ચૂંટી રહ્યા છે. ચીન ભારતની વધતી શક્તિ અને સ્થિતિને પચાવી શકતું નથી, તેથી 'ડ્રેગન' હવે ખરાબ રીતે ઉશ્કેરાયેલું છે અને અપપ્રચાર કરીને ભારત વિરુદ્ધ ઝેર ઓકતું જાય છે. હકીકતમાં વડાપ્રધાન મોદીએ જી-૨૦ સમિટમાં ભારત મધ્ય પૂર્વ અને યુરોપ વચ્ચે મેગા ઈકોનોમિક કોરિડોર શરૂ કરવાની જાહેરાત કરી હતી. તમને ખબર જ હશે કે ચીની મીડિયાએ તેના પર શું લખ્યું છે. કોરિડોર અંગે પીએમ મોદીએ કહ્યું હતું કે અમે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ભાગીદારી સુધી પહોંચી ગયા છીએ, આવનારા સમયમાં તે ભારત પશ્ચિમ એશિયા અને યુરોપ વચ્ચે આર્થિક સહયોગનું મુખ્ય માધ્યમ બનશે. ચીન આ આર્થિક કોરિડોરથી નારાજ છે. ચીનના મીડિયા ગ્લોબલ ટાઈમ્સે આ પ્રસ્તાવિત કોરિડોરને ચીન માટે ઘેરાબંધી ગણીને નારાજગી વ્યક્ત કરી છે. ગ્લોબલ ટાઈમ્સમાં લખવામાં આવ્યું છે કે આ ઈકોનોમિક કોરિડોર માત્ર કાગળ પર જ રહેશે. ચીને પણ અમેરિકા પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે આ બ્રિક્સને પ્રભાવિત કરવાનો પ્રયાસ છે. જોકે ભારતે તે કર્યું છે જે અત્યાર સુધી કોઈ જી-૨૦ દેશ નથી કરી શક્યું. સમિટના પ્રથમ દિવસે નવી દિલ્હી ૪-૨૦ ડિક્લેરેશનને મંજૂરી આપવામાં આવી ત્યારે ચીન 'લાલ' થઈ ગયું.

## બનાસકાંઠાના થરાદમાં રિલ્સ બનાવી યુવકે કેનાલમાં ઝંપલાવ્યુ

| બનાસકાંઠા, તા.૧૦ |

થરાદમાં જિંદગીની છેલ્લીં રીલ બનાવી યુવકે કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી. 'જીવન એવું જીવ્યા' ગીત પર રીલ્સ બનાવીને યુવકે થરાદની કેનાલમાં પડતુ મૂકીને જીવન ટૂંકાવ્યું. કેનાલ નજીક યુવકે બાઈક મૂકી પાણીમાં કૂદકો મારી દીધો હતો. આ ઘટનાની જાણ થતાં લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટ્યા હતા. કલાકોની જહેમત બાદ કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળ્યો હતો. મૃતક યુવક થરાદના ઉદરાણાનો પ્રવીણ ઠાકોર હોવાનું સામે આવ્યું છે. થરાદમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. નર્મદા કેનાલના મહાજનપુરા અને લેડાઉ પુલ વચ્ચેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો હતો. સ્થાનિક તરવૈયાઓએ મૃતદેહ બહાર કાઢીને પોલીસને જાણ કરી હતી. જેના બાદ થરાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં કેનાલ પાસ એક બાઈક મળી આવી હતી. જોકે, પ્રવીણ ઠાકોરે કેમ આવું કર્યું તેનું કારણ સામે આવ્યુ નથી.

## રાંદેર અને કતારગામને જોડતો કોઝવે ઓવરફ્લો થતા બંધ કરાયો

| સુરત, તા.૧૦ |

સુરત જિલ્લામાં વહેલી સવારથી સાર્વત્રિક ધોધમાર વરસાદ વરસ્યો છે. ઓલપાડ, માંગરોળ તાલુકામાં પવન સાથે વરસાદ ખાબક્યો છે. બે દિવસથી વરસાદી માહોલ જામતા ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા. તો બીજી તરફ સુરતમાં ૨૦ દિવસ પહેલા જ ખોલેલો કોઝવે ઓવરફ્લો થતા બંધ કરાયો છે. સુરત જિલ્લામાં વહેલી સવારથી સાર્વત્રિક ધોધમાર વરસાદ વરસ્યો છે. ઓલપાડ, માંગરોળ તાલુકામાં પવન સાથે વરસાદ ખાબક્યો છે. બે દિવસથી વરસાદી માહોલ જામતા ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા. તો બીજી તરફ સુરતમાં ૨૦ દિવસ પહેલા જ ખોલેલો કોઝવે ઓવરફ્લો થતા બંધ કરાયો છે.સુરતના રાંદેર અને કતારગામને જોડતો કોઝવે બંધ કરાયો છે. કોઝવે પર પાણી ૬ મીટરની સપાટી પર પહોંચી ગયુ છે. જેના પગલે તેને બંધ કરી દેવામાં આવ્યો છે.



ગણપતિનો તહેવાર નજીકમાં છે ત્યારે ગુલબાઈ ટેકરા ખાતે ગણપતિની મૂર્તિ બનાવવાનું કામ ચાલી રહ્યું છે.

### વલસાડમાં મોટી દુર્ઘટના ઘટના બનતા બનતા રહી ગઇ

## મટકી ફોડતી વખતે દોરી બાંધેલો થાંભલો પડ્યો, ચાર વિદ્યાર્થીઓ ઇજાગ્રસ્ત થયા

| વલસાડ, તા.૧૦ |

વલસાડ જિલ્લામાં મોટી દુર્ઘટના ઘટના બનતા બનતા રહી ગઈ છે. મોટા વાઘછીપા ગામની પ્રાથમિક શાળામાં મટકી ફોડના કાર્યક્રમ દરમિયાન શાળાનો લોખંડનો થાંભલો પડતા ચાર વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી. શાળાના ધ્વજના થાંભલા સાથે દોરી બાંધી અને મટકી લટકાવી વિદ્યાર્થીઓ મટકી ફોડી રહ્યા હતા એ વખતે જ થાંભલો પડતા ચાર વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ સમગ્ર ઘટનાનો વિડીયો અત્યારે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. બનાવની વિગત મુજબ વલસાડના મોટા વાઘછીપા ગામની શાળામાં જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના માટે શાળાના ધ્વજના થાંભલા સાથે દોરી બાંધી અને મટકી લટકાવવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પિરામિડ બનાવી અને મટકી ફોડી રહ્યા હતા. એ વખતે જ લોખંડનો થાંભલો પડતા નજીક ઉભા રહેલા ચાર વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી.


### આરોપીનું નામ હટાવવા જ્વેલર્સ માલિકને ધમકી મળી

## અમદાવાદના સેટેલાઇટમાં સવા ત્રણ કરોડના દાગીનાની લૂંટ થઇ

### પોલીસે આ કેસમાં ગણતરીના કલાકોમાં લૂંટારૂઓને ઝડપી પાડ્યા હતા

| અમદાવાદ,તા.૧૦ |

સેટેલાઈટ વિસ્તારમાં આવેલા રત્નાકર હિક્યોનમાં રહેતા અને સીજી રોડ પર રૂષભ જ્વેલર્સની શોપ ધરાવતા હેનરી શાહે આનંદનગર પોલીસ સ્ટેશનમાં વાવના બીટ્ટુ અશોક વાઘેલા નામના શખ્સ વિરૂદ્ધ ધમકીની ફરિયાદ કરી છે. પાંચ તારીખના રોજ ડીસા-પાલનપુર હાઈવે પર રૂષભ જ્વેલર્સના કર્મચારીઓ પાસેથી છ શખ્સોએ સવા ત્રણ કરોડના દાગીનાની લૂંટી લીધા હતા. જેમાં પોલીસે ગણતરીના સમયમાં છ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓની ધરપકડ કર્યા બાદ વાવના બીટ્ટુ વાઘેલાએ રૂષભ જ્વેલર્સના માલિક હેનરી શાહને ફોન કર્યો હતો અને કહેવા લાગ્યો હતો કે લૂંટના આરોપી રમેશ શંકર ગોહિલ નિર્દોશ છે તેનું નામ ફરિયાદમાંથી હટાવડાવી દે, નહીંતર પરિણામ ભોગવવાની તૈયારી રાખશો. બીટ્ટુની વાત સાંભળીને હેનરી



શાહે કહ્યુ હતું કે અમે કોઈના નામ આપ્યા નથી તેમને પોલીસે પકડ્યા છે. જેથી તમારે જે રજુઆત હોય તે પાલનપુર પોલીસ સ્ટેશન ખાતે જઈને કહેજો.

હેનરી શાહની વાત સાંભળીને તે ઉશ્કેરાયો હતો અને કહેવા લાગ્યો હતો કે, હું વાવનો બીટ્ટુ અશોક વાઘેલા બોલુ છું તું મને નથી ઓળખતો. જો તુ રમેશ શંકર ગોહિલનું ફરિયાદમાંથી નામ નહી કઢાવે તો તને જાનથી મારી નાંખીશ અને તેનું પરિણામ ભોગવવા માટે તૈયાર રહેજે. થોડા સમય પછી બીટ્ટુએ ફરીથી હેનરી શાહને વોટ્સએપ મેસેજ કર્યો હતો જેમાં તેણે લખ્યુ હતું કે અશોક દેસાઈને કહી દેજે તમારી કરેલી લૂંટમાં રમેશ ગોહિલ જેઓને પુરી વાતની ખબર નથી અને અંદર ઈન્વોલ થઈ ગયા છે. જેમનો ગુનો માત્ર એટલો હતો તે સાથે રહ્યા હતા. જો તેમને ગુનાની બહાર કાઢવાની ઈચ્છા ના હોય તો પરિણામ ભોગવવાની તૈયારી રાખજો. હુંય જોવુ તું કેટલા દિવસો શાંતિથી કાઢે છે, તમે પ્રેમને લાયક નથી, જો તુ કોઈને પહેલીવાર પણ માફ કરવા માંગતો ન હોય અને સજા કરાવવાનો શોખ હોયને તો કરાય, તું તારી જીંદગીની આ મોટી ભુલ કરી રહ્યો છે અને એની સજા હું પોતે બુટ્ટી વાઘેલા આપીશ. તારે પ્રેમથી કરેલી વિનંતી સ્વીકારવી છે કે મારી સાથે દુશ્મની કરવાનું પરિણામ ભોગવવુ છે, આ વાતને ઈગ્નોર કરવાની ભુલ તો કરતો જ નહી તારા શેઠને ચોવીસ કલાકની મુદત આપુ છું તમારે શું નિર્ણય લેવો તેના માટે લાબું પહોળુ વિચારીને નિર્ણય લેજો. આ અશોક મોચીનું લોહી બીટ્ટુ મોચી બોલે છે હો, પારખા કરવાના શોખ હોય તો મને અંદર ઘલાય એટલે ખબર પડી જશે.

### ડાકોર મંદિરમાં પીઆઈપી દર્શનનો મામલો

## ડાકોર મંદિરમાં પૈસા આપી VIP દર્શન કરાવવામાં આવતું હોવાનો મુદ્દે ફરી ઘમાસાણ સર્જાયું

### ધર્મના નામે ધંધા સમાન આ પ્રથા અંગે સોશિયલ મીડિયામાં મુદ્દો ગરમાયો છે

| ખેડા, તા.૧૦ |

ખેડા ખાતે ડાકોરના ઠાકોર કરોડો લોકોની આસ્થાના અખૂટ સાગર સમાન છે. જે ડાકોર મંદિરમાં પૈસા આપી VIP દર્શન કરાવવામાં આવતું હોવાનો મુદ્દે ફરી ઘમાસાણ સર્જાયું છે. હવે ડાકોર મંદિરમાં VIP દર્શન બંધ કરાવવાની માંગ સાથે આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. ધર્મના નામે ધંધા સમાના આ પ્રથા અંગે સોશિયલ મીડિયામાં મુદ્દો ગરમાયો છે અને ભક્તોમાં ભારોભાર રોષની લાગણી જોવા મળી રહી છે. ટ્રસ્ટીઓ પૈસાદાર-ગરીબોમાં તફાવત રાખતા હોવાના આકરા આરોપસર VIP દર્શન જો બંધ કરવામાં નહિ આવે તો મંગળવારે ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે. બની બેઠેલા ટ્રસ્ટીઓ ભક્તો સાથે અમીર અને ગરીબનો તફાવત રાખતા હોવાનો આક્ષેપ ડાકોર મંદિરમાં VIP દર્શનને લઈને જો નમતું જોખવામા નહિ આવે તો VIP દર્શનને લઈ



આવનારા દિવસોમાં વિવાદ વકરવાની સંભાવના જોવા મળી રહી છે. ડાકોર મંદિરમાં પણ અંબાજીની જેમ VIP દર્શન બંધ કરવાની રજુઆત સાથે આંદોલનકારીઓએ ચીમકી ઉચ્ચારી છે. અગાઉ ડાકોરમાં મંદિરની કમિટી દ્વારા વિવાદિત નિર્ણય લેવાયો હતો. જેમાં હવે ભક્તોએ રણછોડ રાયના નજીકથી દર્શન માટે રૂ.૫૦૦ ચૂકવવા પડશે. આ સાથે મહિલાઓની લાઈનમાં પુરૂષે જઈ દર્શન કરવા હોય તો ૨૫૦ રૂપિયા ચાર્જ વસૂલાશે. આ નિર્ણયને લઈને વિવાદના બીજ રોપાયા છે. મહિલાઓ માટેની દર્શનની જાળીએથી પુરુષે દર્શન કરવા હોય તો ૨૫૦ રૂપિયા ન્યોછાવર પેટે ચાર્જ વસુલાશે.

## લુણાવાડાના મલેકપુરમાં બુટલેગરો બેફામ બની આતંક મચાવ્યો

| મહીસાગર, તા.૧૦ |

મહીસાગરમાં લુણાવાડાના મલેકપુરમાં બુટલેગરો બેફામ બની આતંક મચાવી રહ્યાં છે. ખુલ્લેઆમ પોલીસ અને કાયદાની ઐસીતૈસી કરી લોકોને ધમકી આપી રહ્યાં છે. ત્યારે પોલીસે મલેકપુરમાં આતંક મચાવનાર બુટલેગર વિક્રમ માલીવાડ ૨ સાગરીતની ધરપકડ કરી છે. બાલાસિનોરના બુટલેગર મનીષ મહેરા સહિત બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જો કે હજી મુખ્ય સૂત્રધાર વિક્રમ માલીવાડ પોલીસ પકડથી દૂર છે. મહીસાગરમાં લુણાવાડાના મલેકપુરમાં બુટલેગરો બેફામ બની આતંક મચાવી રહ્યાં છે. ખુલ્લેઆમ પોલીસ અને કાયદાની ઐસીતૈસી કરી લોકોને ધમકી આપી રહ્યાં છે. ત્યારે પોલીસે મલેક પુરમાં આતંક મચાવનાર બુટલેગર વિક્રમ માલીવાડ ૨ સાગરીતની ધરપકડ કરી છે. બાલાસિનોરના બુટલેગર મનીષ મહેરા સહિત બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જો કે હજી મુખ્ય સૂત્રધાર વિક્રમ માલીવાડ પોલીસ પકડથી દૂર છે. હાલ પોલીસ મુખ્ય સૂત્રધાર વિક્રમ માલીવાડની શોધખોળ કરી રહી છે. મહત્વનું છે કે અગાઉ ગુંડાગીરીના કેસમાં મુખ્ય સૂત્રધાર વિક્રમ માલીવાડ જેલની સજા કાપી આવ્યો છે.

**વિશેષ લેખ**

### રોકેટ વુમન સ્પેસ સાયન્ટિસ્ટ રિતુ કરિધાલ શ્રીવાસ્તવ : ચંદ્રયાન-૩ના મિશન ડાયરેક્ટર

# ઇસરોનો યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ વિજેતા રિતુએ ચન્દ્રયાન-૩ મિશનને શરૂઆતથી લીડ કર્યું હતું

### સ્પેસ સાયન્સમાં કારકિર્દી બનાવવા ઇચ્છતિ મહિલાઓ માટે રિતુ કરિધાલ શ્રીવાસ્તવપ્રેરણા દાયક



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ





રોકેટ વુમનતરીકે જાણીતી બનેલી સ્પેસ સાયન્ટિસ્ટ રિતુ કરિધાલ શ્રીવાસ્તવ આજકાલ ભારે ચર્ચામાં છે. રીતુ શ્રીવાસ્તવચંદ્રયાન-૩ના મિશન ડાયરેક્ટર છે. ઈસરોનો યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ વિજેતા રિતુએ ચન્દ્રયાન-૩ મિશનને શરૂઆતથીથી લીડ કર્યું હતું. આજે સ્પેસ સાયન્સમાં કારકિર્દી બનાવવા ઈચ્છતિ મહિલાઓ માટે રિતુ કરિધાલ શ્રીવાસ્તવ પ્રેરણા દાયકબન્યા છે.આજે રિતુ કરિધલ શ્રીવાસ્તવની ISROમાં વરિષ્ઠ વૈજ્ઞાનિકોમાં ગણતરી થાય છે. તેઓ ભારતના માર્સ ઓર્બિટર મિશન (MOM)ના ડેપ્યુટી ઓપરેશન ડાયરેક્ટર રહી ચૂક્યા છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના ચંદ્રયાન-૩ મિશનને ભારતના સાત વૈજ્ઞાનિકો દરેક તબક્કે માર્ગદર્શન આપી રહ્યા છે અને તેમણે ચંદ્રયાનને ચંદ્રની સપાટી પર લેન્ડ કરાવ્યું છે અને હવે આગળની પ્રક્રિયા પર ધ્યાન આપી રહ્યા છે. આ સાત વૈજ્ઞાનિકોમાંથી એક છે રિતુ કરિધલ શ્રીવાસ્તવ. રિતુ કરીધલના ઈશારે ચંદ્રયાન-૩ એ ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે.આટલું મોટું મિશન એક મહિલાના હાથમાં સોંપીને ભારતે મહિલા સશક્તિકરણની નવી મિશાલ રજૂ કરી છે.

રિતુની કારકિર્દી સિદ્ધિઓથી ભરપૂર છે. તેની ઝળહળતી કારકિર્દીની વાત કરીએ તો વિજ્ઞાન અને અવકાશમાં રસ જોઈને રિતુએ પછી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગ્લોરમાં એડમિશન લીધું. આ પછી રિતુએ ઈસરોમાં નોકરી શરૂ કરી. એરોસ્પેસમાં નિષ્ણાત રિતુની કારકિર્દી સિદ્ધિઓથી ભરપૂર રહી છે. રિતુને ૨૦૦૭માં યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ મળ્યો. વિવિધ મિશનમાં તેમની ભૂમિકા માટે દેશના અગ્રણી અવકાશ વૈજ્ઞાનિકોમાં તેમનું નામ સામેલ છે. રિતુને 'રોકેટ વુમન' પણ કહેવામાં આવે છે એમના શિક્ષણની વાત કરીએ તો રીતુને નાનપણથી જ રોકેટ સાયન્સ અને ચંદ્ર અને તારાઓમાં રસ હતો.લખનૌમાં જન્મેલા રીતુએ રિતુ કરિધાલએ શાળાનું શિક્ષણ લખનઉની સેન્ટ એગનિસ સ્કૂલ અને નવયુગ કન્યા વિદ્યાલયમાંથી પૂર્ણ કર્યું.

૧૯૯૬માં લખનૌ યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રમાં એમએસસી કર્યું હતું. તેણે બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IIMC)ના એરોસ્પેસ એન્જિનિયરિંગ વિભાગમાંથી એમટેક પણ કર્યું. રિતુ ૨૬ વર્ષ પહેલા એટલે કે ૧૯૯૭માં ઈસરોમાં એન્જિનિયર તરીકે જોડાઈ હતી. હાલ રિતુ કરીધલ ચંદ્રયાન-૩ના મિશન ડાયરેક્ટર છે. કરિધલ ચંદ્રયાન-૨ સહિત અનેક સ્પેસ મિશનનો ભાગ રહી ચૂક્યાં છે.

રિતુએ વર્ષ ૧૯૯૭માં ISRO સાથે કામ કરવાનું શરૂ કર્યું હતું. રિતુ કરિધાલે મિશન મંગળયાન અને મિશન ચંદ્રયાન-૨માં મહત્વની ભૂમિકા ભજવી હતી. એક સાયન્ટિસ્ટને આટલા બધાં એવોર્ડ મળે એ કોઈ પણ મહિલા વૈજ્ઞાનિક માટે ગૌરવની વાત કહેવાય.રિતુને મળેલા એવોર્ડ પુરસ્કારોની યાદી તેમની સિદ્ધિઓ ઘણી લાંબી છે. જેમકે એરોસ્પેસમાં વિશેષજ્ઞતા ધરાવતી રિતુને વર્ષ ૨૦૦૭માં યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ ઉપરાંત રિતુને માર્સ આર્બિટર મિશન માટે ઈસરો ટીમ એવોર્ડ ડો. એપીજે અબ્દુલ કલામ યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ, સોસાયટી ઓફ ઈન્ડિયન એરોસ્પેસ ટેકનોલોજી એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા એરોસ્પેસ વુમન એચિવમેન્ટ એવોર્ડ અને એએસઆઈ ટીમ એવોર્ડ મેળવનાર રિતુ તેમની ધગશ અને કામ પ્રત્યેના જુસ્સા માટે વખણાય છે.

રિતુ વિજ્ઞાનની દુનિયામા ભારતીય મહિલાઓમાં મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે. મંગળયાન મિશનમાં પોતાનું કૌશલ્ય દર્શાવનાર રિતુએ ચંદ્રયાન-૩ સાથે સફળતાની બીજી ઉડાન ભરી છે.અગાઉના મિશનમાં તેમની ભૂમિકાને ધ્યાનમાં રાખીને રિતુ કરિધાલ શ્રીવાસ્તવને આ જવાબદારી સોંપવામાં આવી છે. રિતુ મંગળયાન મિશનના ડેપ્યુટી ઓપરેશન ડાયરેક્ટર રહી ચૂક્યા છે. લખનૌની દીકરી રિતુ ત્યારે ચર્ચામાં આવી જ્યારે તેમણે ચંદ્રયાન-મિશન ૨માં મિશન ડિરેક્ટરની જવાબદારી સંભાળી હતી. રિતુએ જણાવ્યું કે ચંદ્રનું કદ મોટું અને નાનું થતા જોઈને તેઓ આશ્ચર્યચકિત થતા હતા. તેઓ બાળપણમાં નાસા અને ઈસરોના પ્રોજેક્ટ્સ વિશે વાંચતી હતી. તેની પાસે હજુ પણ અવકાશ વિજ્ઞાન પર પ્રકાશિત થયેલા સમાચારોના કટિંગ્સ છે. અવકાશના રહસ્યો જાણવાની ઈચ્છા તેમને ઈસરો તરફ ખેંચી ગઈ. અને આ રીતે તેઓ એક વૈજ્ઞાનિક બન્યા. ત્યાર પછી તેમણે લખનઉ યુનિવર્સિટીમાંથી ફિઝિક્સ સાથે ગ્રેજ્યુએશન કર્યું અને પછી પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. આ પછી તેમણ પ્છ્ઈની એક્ઝામ પાસ કરી અને બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં એડમિશન મેળવ્યું, જ્યાં તેમણે એરોસ્પેસ એન્જિનિયરિંગની ડિગ્રી હાંસલ કરી હતી. સ્પેસ સાયન્સમાં કારકિર્દી બનાવવા ઈચ્છતિ મહિલાઓ માટે રિતુ કરિધાલ શ્રીવાસ્તવસાચા અર્થમાં પ્રેરણા દાયક જરૂર બન્યા છે.

**ન્યૂઝ બ્રિફ**

## ઓડિશા, આંધ્ર, તેલંગાણામાં વરસાદની ગતિવિધિ વધશે

। નવી દિલ્હી, તા.૧૦ ।

દેશભરમાં વરસાદની સ્થિતિ કેવી રહેશે તે અંગે હવામાન વિભાગે મહત્ત્વની જાણકારી આપી છે. ખાસ કરીને કયા કયા વિસ્તારોમાં કયા કયા રાજ્યોમાં ભારે વરસાદ રહેશે તે સુચવવા માટે હવામાન વિભાગ દ્વારા એટલેકે, IMD એ એલર્ટ જાહેર કર્યું, જાણો હવામાન અપડેટ વિગતવાર... દેશમાં છેલ્લા ૨-૩ દિવસથી ફરી એકવાર વરસાદ શરૂ થયો છે. કેટલાક સ્થળોએ હળવો વરસાદ થયો છે તો અન્ય સ્થળોએ ભારે વરસાદ થયો છે. વિજ્ઞાન વિભાગ (IMD) અનુસાર, આજે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં પણ વરસાદ પડશે. જ્યારે મહારાષ્ટ્ર અને પૂર્વોત્તર ભારતમાં ૯ સપ્ટેમ્બરથી શરૂ થયેલો વરસાદ ૧૧ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેવાની સંભાવના છે. આ પછી તે ઘટશે.

## કેનેડામાં પેરેન્ટ્સ, દાદા-દાદીને સરળતાથી PR અપાવી શકાશે

। ઓટાવા, તા.૧૦ ।

ભારતથી કેનેડા ગયેલા અને ત્યાં ઠરીઠામ થયેલા લોકોની સંખ્યા નવો રેકોર્ડ બનાવી રહી છે. તેના કારણે ભારતથી પોતાના પેરન્ટ્સ કે ગ્રાન્ડ પેરન્ટ્સને કેનેડા બોલાવવા માગતા અને તેમને પીઆર (પર્મેનન્ટ રેસિડન્સી) અપાવવા માગતા લોકોની સંખ્યા પણ વધી છે. આ લોકોને પેરન્ટ્સ એન્ડ ગ્રાન્ડ પેરન્ટ્સ સ્પોન્સરશિપ સ્કીમ હેઠળ કેનેડા બોલાવી શકાય છે જેની નવી બેચ ૧૦ ઓક્ટોબરથી શરૂ થશે. આ સ્કીમ હેઠળ લગભગ ૨૪,૨૦૦ સ્પોન્સર્સ પાસેથી અરજીઓ મગાવવામાં આવશે. કેનેડાના ઈમિગ્રેશન, રેફ્યુજી એન્ડ સિટિઝનશિપ વિભાગ દ્વારા ચાલુ વર્ષમાં વધુમાં વધુ ૧૫,૦૦૦ અરજીઓ સ્વીકારવામાં આવશે અને આ લોકોને પેરન્ટ્સ એન્ડ ગ્રાન્ડ પેરન્ટ્સ સ્પોન્સરશિપ પ્રોગ્રામમાં સામેલ કરવામાં આવશે.



મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાન અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા ગ્વાલિયરના અચલેશ્વર મંદિરમાં પૂજા-પ્રાર્થના કરી.

## ફિનલેન્ડમાં નોકરી નહીં હોય તેમણે દેશ છોડવો પડશે

। હેલસીંકી, તા.૧૦ ।

વિશ્વના સૌથી શાંત અને સુખી દેશ ગણવામાં આવતા ફિનલેન્ડમાં વિદેશી ઈમિગ્રન્ટ્સ માટે નિયમો કડક બનાવવામાં આવી રહ્યા છે. ફિનલેન્ડમાં રહેતી યુરોપિયન યુનિયન સિવાયની વ્યક્તિએ ગમે ત્યાં નોકરી શોધવી પડશે. જો તે ત્રણ મહિનાથી બેરોજગાર હશે તો તેણે ફિનલેન્ડ છોડવાની તૈયારી રાખવી પડશે. ફિનલેન્ડના આર્થિક બાબતોના મંત્રાલયે નોન-ઈયુ વર્ક પરમિટ હોલ્ડરો માટે કડક બનવાનું નક્કી કર્યું છે. સરકારે જાહેર કરેલા નવા પ્રોગ્રામ અનુસાર વર્ક પરમિટ હોલ્ડર પાસે ફિનલેન્ડમાં કામકાજ હોવું જરૂરી છે. તેઓ બેરોજગાર થાય તો ત્રણ મહિનાની અંદર નવી જોબ શોધવી પડશે અથવા ફિનલેન્ડ છોડવું પડશે. નવા રેગ્યુલેશન હેઠળ કોઈ વ્યક્તિની રોજગારી જતી રહે તો તેણે રેસિડેન્સ પરમિટ પણ ગુમાવવી પડશે. મંત્રાલયે જણાવ્યું કે હાલના રેગ્યુલેશનમાં બેરોજગારીના સ્વીકાર્ય સમયગાળા અંગે ગાઈડલાઈનનો અભાવ છે. હાલમાં કોઈ મોનિટરિંગ સિસ્ટમ ન હોવાના કારણે નવા કડક નિયમો ઘડવા પડ્યા છે. નવા કાયદા લાગુ થાય તે માટે કોઈ પરમિટ હોલ્ડર જોબ ગુમાવે ત્યારે તરત તેની કંપની કે એમ્પ્લોયરે આ વિશે ઈમિગ્રેશન ઓથોરિટીને જાણ કરવી પડશે.

### હવે ૧૫ સપ્ટેમ્બરનો દિવસ મહત્વપૂર્ણ

# ત્રીજી છલાંગ વડે આદિત્ય એલ ૧ પહોચ્યું આગામી ભ્રમણકક્ષામાં

**L1 પોઈન્ટ સુધી પહોંચવા માટે આદિત્ય મિશનને કુલ ૧૫ લાખ કિલોમીટરનું અંતર કાપવું પડશે**

। નવી દિલ્હી, તા.૧૦ ।

આદિત્ય L1એ સફળતાપૂર્વક ત્રીજી છલાંગ લગાવી છે. હવે તે ૨૯૬ કિમીના વર્તુળમાં ૭૧૭૬૭ કિમી પર ફરે છે. આ પહેલા ૫ સપ્ટેમ્બરે બીજા જમ્પમાં તેને ૨૮૨ કિમી X ૪૦૨૨૫ કિમીની ભ્રમણકક્ષામાં લઈ જવામાં આવ્યું હતું. ત્રીજો જમ્પ ITRAC બેંગલુરુ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન મોરેશિયસ અને પોર્ટ બ્લેરના ગ્રાઉન્ડ સ્ટેશનો નોંધાયા હતા. હવે ૧૫ સપ્ટેમ્બરે આગલા વર્ગમાં પહોંચવા માટે કૂદકો મારવામાં આવશે.૧૫ સપ્ટેમ્બરના રોજ આદિત્ય L1 આગલી ભ્રમણકક્ષામાં જમ્પ કરશે એટલું જ નહીં, પરંતુ તેને જરૂરી ગતિ પણ પૂરી પાડવામાં આવશે જેથી તે સરળતાથી L1 ભ્રમણકક્ષા સુધી પહોંચી શકે. જ્યારે આદિત્ય L1 પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી સફળતાપૂર્વક કાઢવામાં આવશે, ત્યારે ટ્રાન્સ લેગ્રેન્જિયન જમ્પની પ્રક્રિયા શરૂ થશે. આ રીતે L1 સુધી પહોંચવાની પ્રક્રિયા શરૂ થશે. આમાં કુલ ૧૧૦ દિવસનો સમય લાગશે. તમને જણાવી દઈએ કે TLIની



પ્રક્રિયા લોન્ચ તારીખના ૧૬ દિવસ પછી શરૂ થશે. L1 ભ્રમણકક્ષા પૃથ્વીની ભ્રમણકક્ષાથી ૧.૫ લાખ કિમી દૂર છે જે સૂર્ય અને પૃથ્વીની ધરી પર છે. આ તે બિંદુ છે જ્યાં પૃથ્વી અને સૂર્યના ગુરુત્વાકર્ષણ બળો એકબીજાને નકારે છે અને કોઈપણ પદાર્થ ત્યાં અટકી જાય છે. આ પહેલાં મંગળવારે Istrac વૈજ્ઞાનિકોએ આદિત્ય-L1નું બીજું પૃથ્વી-સંબંધી દાવપેચ સફળતાપૂર્વક ચલાવ્યું હતું અને અવકાશયાનને ૨૮૨ કિમી ૮ ૪૦,૨૨૫ કિમીની ભ્રમણકક્ષામાં મૂક્યું હતું.

### પોતાના પ્રિયજનોની લાશ શોધી રહ્યા છે લોકો

# મોરક્કોમાં ભૂકંપથી તબાહી, હજુ સુધી ૨૦૦૦થી વધુ મોત

**હજુ પણ સેંકડો લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે : આ વિનાશમાં હજારો લોકો ઘાયલ થયા છે**

। રબાત, તા.૧૦ ।

આફ્રિકન દેશ મોરોક્કોમાં આવેલા ભૂકંપે ભારે તબાહી મચાવી છે. અત્યાર સુધીમાં, મોરોક્કન સરકારે ૨૦૦૦ થી વધુ લોકોના મોતની પુષ્ટિ કરી છે. હજુ પણ સેંકડો લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. આ વિનાશમાં હજારો લોકો ઘાયલ થયા છે. જ્યાં ભૂકંપ આવ્યો તે વિસ્તારના મોટા ભાગમાં બનેલી દરેક ઈમારત ધરાશાયી થઈ ગઈ. દેશભરમાં શોકનો માહોલ છે, લોકો બેભાન છે અને તેમના પ્રિયજનોને શોધી રહ્યા છે. મૃત્યુ વચ્ચે જીવનની શોધ ચાલુ છે, જ્યારે ઈમરજન્સી ટીમો રાહત અને બચાવ કાર્યમાં વ્યસ્ત છે. મોરોક્કોમાં ૬૦ વર્ષ પછીના સૌથી મજબૂત ભૂકંપે દેશને હચમચાવી નાખ્યો છે. મોટી સંખ્યામાં ઈમારતો નાશ પામી હતી. કાટમાળમાં ફસાયેલા લોકોને શોધવા માટે સેનાને તૈનાત કરવામાં આવી છે. સ્થાનિક વહીવટીતંત્રના તાજેતરના બુલેટિન મુજબ, શુક્રવારે મોડી રાત્રે મોરોક્કોમાં આવેલા પ્રચંડ ભૂકંપ બાદ અત્યાર સુધીમાં ૨૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે. ૬.૮ની તીવ્રતાના આ ભૂકંપમાં



હજારો લોકો ઘાયલ થયા છે અને બેઘર બન્યા છે. દેશભરમાં ભૂકંપના કારણે સર્જાયેલી તબાહીને કારણે સત્તાવાળાઓએ શનિવારે દેશમાં ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. મોરોક્કન સેનાના એક નિવેદન અનુસાર, રાજા મોહમ્મદ ફૈં એ દેશના સશસ્ત્ર દળોને કાટમાળ નીચે દટાયેલા લોકોના જીવ બચાવવા માટે સર્જિકલ ફિલ્ડ હોસ્પિટલ બનાવવાનો આદેશ આપ્યો છે. મોરોક્કોના ઉચ્ચ એટલાસ પર્વતોમાં આવેલા ભૂકંપથી નજીકના શહેર મરાકેશમાં આવેલી ઐતિહાસિક ઈમારતોને નુકસાન થયું હતું.



ફ્રાન્સના પેરિસમાં ઈનલ્કો યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સાથેની પ્રતિક્રિયા દરમિયાન કોંગ્રેસના નેતા રાહુલ ચર્ચા કરતા નજરે પડે છે.

### ટ્રેનોના ડબ્બાને હાઈટેક બનાવવાનો સિલસિલો શરુ

# ટ્રેનના ડબ્બામાં ધુમાડો થતા ઓટોમેટિક પાણીનો છંટકાવ થશે, દુર્ઘટનાને રોકી શકાશે

। નવી દિલ્હી, તા.૧૦ ।

હવે ટ્રેનોના ડબ્બાને હાઈટેક બનાવવાનો સિલસિલો શરુ થઈ ગયો છે. આ સાથે રેલવે મુસાફરોનું પુરુ ધ્યાન રાખવામાં આવશે. જેથી કરીને મુસાફરી કરતા યાત્રાળુઓને કોઈ તકલીફ ન પડે તેની પણ દરેક રીતે ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. હવે રેલવે દ્વારા દરેક કોચમાં લગાવવામાં આવેલા ફાયર એન્ડ સ્મોક ડિટેક્શન સિપ્રેશન સિસ્ટમને ચાલુ કરવા માટે બટન નહી દબાવવુ નહી પડે. જેમા હવે એક વધુ નવી હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી કરીને ધુમાડો થતા તે ઓટોમેટિક પાણીનો છંટકાવ થવા લાગશે અને કોઈ પણ દુર્ઘટનાને રોકી શકાશે. વાસ્તવમાં ગોરખપુર રેલવે મિકેનિકલ વર્કશોપમાં લગભગ ૨૩ પેંટ્રીકાર અને પાવરકારમાં લાગેલી સિસ્ટમને મોડીફાઈ કરવામાં આવશે. જેમા રેલવે બોર્ડ દ્વારા સુચના આપી દેવામાં આવી છે. આ સાથે રેલ યાત્રાને આગથી દરેક રીતે સુરક્ષિત રાખવામાં આવશે. રેલવે બોર્ડ દ્વારા ૫૭ પેંટ્રીકાર, પાવરકાર અને ૨૬૭ એલએચબી કોચમાં ઓટોમેટિક ફાયર એન્ડ સ્મોક ડિટેક્શન સિપ્રેશન સિસ્ટમ લગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વાસ્તવમાં ઓટોમેટિક ફાયર ડિટેક્શન એન્ડ સિપ્રેશન સિસ્ટમ હેઠળ સેંસર અને પ્રેશરયુક્ત અગ્નિશમન યંત્ર સાથે બે સિલેન્ડર અને પાઈપ લગાવવામાં આવે છે.

# અમેરિકાએ ઈરાનનું દસ લાખ બેરલ ઓઈલ જપ્ત કર્યું

। વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો ટકરાવ વધુ ઉગ્ર બને તેવુ પગલુ અમેરિકાએ ભર્યુ છે. અમેરિકાના જસ્ટિસ વિભાગે જાણકારી આપતા કહ્યુ છે કે, આ વર્ષે ઈરાનનુ દસ લાખ બેરલ ઓઈલ જપ્ત કર્યુ છે. જે કંપની સામે અમે કાર્યવાહી કરી છે તેણે ઈરાનનુ ઓઈલ વેચવા માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપીને અમેરિકાના પ્રતિબંધોનુ ઉલ્લંઘન કર્યુ છે. ઈરાનનુ તેલ જપ્ત કરવાની સાથે સાથે અમેરિકાએ એવો પણ આરોપ મૂકયો છે કે, ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાં ઘણા જહાજો પર ગેરકાયેદસર રીતે કબ્જો કરવામાં આવી રહ્યો છે. ઈરાન હવે ચાંચિયાગીરી પર ઉતરી આવ્યુ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે તત્કાલિકન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શાસનકાળથી સબંધો વણસ્યા છે. આ પહેલા ૨૦૧૫માં થયેલા પરમાણુ કરારના ભાગરુપે અમેરિકાએ ઈરાન પર લાગેલા આર્થિક પ્રતિબંધો હટાવી દીધા હતા. તેના બદલામાં ઈરાને પોતાના ન્યુક્લિયર પ્રોગ્રામને ધીમો પાડવાનુ સ્વીકાર્યુ હતુ. જોકે ૨૦૧૮માં આ સમજૂતિને ટ્રમ્પે રદ કરી નાંખી હતી. ટ્રમ્પને હરાવીને પ્રમુખ બનેલા જો બાઈડને પણ ટ્રમ્પના પ્રતિબંધોને યથાવત રાખ્યા છે. તેના કારણે બંને દેશો વચ્ચે ટકરાવ વધી રહ્યો છે.

### અમેરિકી વેપાર પ્રતિનિધ કેથરિન તાઈએ ઘોષણા કરી

# ડબલ્યુટીઓમાં યુએસ-ભારતના પોલ્ટ્રી પ્રોડક્ટ્સના અંતિમ વિવાદનો ઉકેલ

। નવી દિલ્હી, તા.૧૦ ।

જી૨૦ સમિટ પહેલા શુક્રવારે અમેરિકા અને ભારતે પોલ્ટ્રી પ્રોડક્ટ્સ પર વિશ્વવ્યાપાર સંગઠન (ડબલ્યુટીઓ) માં અંતિમ વિવાદનો ઉકેલ લાવી દીધો છે. અમેરિકી વેપાર પ્રતિનિધ કેથરિન તાઈએ શુક્રવારે ઘોષણા કરી હતી કે, અમેરિકા અને ભારત વિશ્વ વ્યાપાર સંગઠન ભારતમાં તેમના અંતિમ વિવાદ જે કૃષિ ઉત્પાદનોની આયાતના સબંધમાં ઉપાય (ડીએસ ૪૩૦) સાથે સંબંધિત છે તેનો ઉકેલ લાવવા માટે સંમત થયા છે. સંયુક્ત રાજ્ય વ્યાપાર પ્રતિનિધિના કાર્યાલયના જણાવ્યા પ્રમાણે ભારતે ફ્રોઝન ટર્કી, બતક, તાજા અને ફ્રોઝન બ્લૂબેરી અને ક્રેનબેરી, સૂકા અને પ્રોસેસ્ડ બ્લૂબેરી અને ક્રેનબેરી તથા તાજા અને ફ્રોઝન ક્રેનબેરી સહિત અનેક યુએસ માલ પર ટેરિફ ઘટાડવા સંમતિ વ્યક્ત કરી છે. બેઠકમાં બંને નેતાઓએ ડબલ્યુટીઓ મુદ્દા પર ચર્ચા કરી હતી અને બંનેએ વહેલી તકે ઉકેલ લાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. રાજદૂત તાઈએ જણાવ્યું કે, આ અંતિમ ડબલ્યુટીઓ વિવાદનો ઉકેલ અમેરિકા-ભારત વેપાર સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે જ્યારે કેટલાક અમેરિકી ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાથી યુએસ કૃષિ ઉત્પાદકો માટે મહત્વપૂર્ણ બજાર એક્સેસ વધી જાય છે. તેમણે કહ્યું કે, જૂનમાં વડાપ્રધાન મોદીની રાજ્ય મુલાકાત અને રાષ્ટ્રપતિ બાઈડનની આ અઠવાડિયે નવી દિલ્હીની મુલાકાત સાથેની આ જાહેરાતો અમારી દ્વિપક્ષીય ભાગીદારીની શક્તિને રેખાંકિત કરે છે. તાઈએ જણાવ્યું કે, હું અમારા લોકો માટે સમાવિષ્ટ આર્થિક તકો પૂરી પાડવા માટે મંત્રી ગોયલ સાથે કામ કરવાનું ચાલુ રાખવા માટે આતુર છું.

### બાલાસોર રેલ દુર્ઘટનામાં ૨૮૮ લોકોનાં મોત થયા હતા

# વારાણસી ખાતે દસ બાળકો ઘાતક લેપ્ટોસ્પાયરોસિસ બીમારીનો શિકાર

**કેસની ગંભીરતાને જોતાં સ્વાસ્થ્ય વિભાગે એલર્ટ જાહેર કર્યું**

। વારાણસી, તા.૧૦ ।

કોરોનાથી પણ ઘાતક લેપ્ટોસ્પાયરોસિસ બીમારીના વારાણસીમાં કેસ મળતાં ખળભળાટ મચી ગયો છે. આ બીમારી ઉંદર દ્વારા ફેલાય છે. જે ખાસ કરીને બાળકોને જ નિશાન બનાવે છે. અત્યાર સુધી ૧૦થી વધુ બાળકો તેની લપેટમાં આવી ગયા છે. શહેરની ખાનગી હોસ્પિટલોમાં આ બાળકોની સારવાર ચાલી રહી છે. આ તમામ કેસની ગંભીરતાને જોતાં સ્વાસ્થ્ય વિભાગે એલર્ટ જાહેર કરી દીધું છે. માહિતી અનુસાર ભારે તાવથી પીડાતી એક બાળકીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. ડૉક્ટરોએ તપાસ કરાવી પણ બીમારી પકડમાં ન આવી. તેના બાદ સી રિએક્ટિવ પ્રોટીન (સીઆરપી) ટેસ્ટ કરાવાયો. સીઆરપી વધુ મળતાં ડૉક્ટરો ચિંતિત દેખાયા. આશંકાના આધારે લેપ્ટોસ્પાયરોસિસનો ટેસ્ટ કરાવ્યો તો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. આ મામલે ડૉક્ટરોએ જણાવ્યું કે લેપ્ટોસ્પાયરોસિસ વિશે જાણકારી મળી ગઈ છે. બાળરોગ નિષ્ણાતોને એલર્ટ કરાયા છે. અગાઉ ૨૦૧૩માં આ પ્રકારના કેસ આવ્યા હતા. ભારતીય બાળ એકેડમીના અધ્યક્ષ ડૉક્ટર આલોક ભારદ્વાજનું કહેવું છે કે જો બાળકોને ત્રણથી ચાર દિવસ સુધી તાવ રહે તો તેને હળવાશમાં ન લેશો.

### યુક્રેનના રાષ્ટ્રપતિનો ચોંકાવનારો દાવો

# વેગનર ગ્રુપના ચીફ યેવેગની પ્રિગોઝિનના મોત પાછળ પુતિનનો હાથ : જેલેન્સ્કી

। કીવ, તા.૧૦ ।

યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ દાવો કર્યો છે કે, રશિયાની પ્રાઈવેટ આર્મી વેગનર ગ્રુપના ચીફ યેવેગની પ્રિગોઝિનના મોત પાછળ રશિયન રાષ્ટ્રપતિ પુતિનનો હાથ છે. પ્રિગોઝિનનુ ગયા મહિને એક વિમાન અકસ્માતમાં શંકાસ્પદ સંજોગોમાં મોત થયુ હતુ અને એ પછી આ દુર્ઘટના અંગે તરેહ તરેહની અટકળો થઈ રહી હતી. જોકે જેલેન્સ્કીએ પોતાના દાવા અંગે કોઈ પૂરાવા રજૂ કર્યા નથી. જેલેન્સ્કીએ કહ્યુ હતુ કે, પુતિને જ પ્રિગોઝિનને મરાવ્યો છે તે વાત સત્ય છે.અમારી પાસે તો આ પ્રકારની જાણકારી છે અને અન્ય તમામ અટકળો તર્કબધ્ધ નથી અને નબળી છે. પુતિન પર જેલેન્સ્કીએ સીધો આક્ષેપ મુકીને ખળભળાટ મચાવ્યો છે. આ પહેલા અમેરિકા પણ પ્રિગોઝિનના મોત માટે પુતિન સામે આંગળી ચીંધી ચુકયુ છે.

### ઐતિહાસિક તસવીરો વાયરલ

# બંદૂકો અને ટેન્ક દ્વારા ભારતે ૧૯૭૧ના યુદ્ધમાં પાક.ને હરાવ્યું

**સેન્ટ્રલ કમાન્ડમાં પ્રવેશતાની સાથે જ તમે સૌથી પહેલા ફાઇટર પ્લેન જોશો જે સેન્ટ્રલ કમાન્ડ હેડક્વાર્ટરની નજીક જ મૂકવામાં આવ્યું છે**

। નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતીય સેનાની સેન્ટ્રલ કમાન્ડ લખનૌમાં છે. સેન્ટ્રલ કમાન્ડનું મુખ્યાલય લખનૌમાં છે. લખનૌમાં ભારતીય સેનાના સેન્ટ્રલ કમાન્ડ વિસ્તારને કેન્ટ વિસ્તાર કહેવામાં આવે છે. અહીંની શેરીઓ એરક્રાફ્ટથી લઈને અશોક સ્તંભ અને યુદ્ધમાં ઉપયોગમાં લેવાતી તોપો અને ટેંકોથી સજ્જ છે. જેને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. આકર્ષણનું કેન્દ્ર અને આ સમગ્ર સેન્ટ્રલ કમાન્ડનું ગૌરવ એ બે વિજયંત ટેંક છે. તેનો ઈતિહાસ એવો છે કે, આ બંને ટેંકનો ઉપયોગ ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં થયો હતો. આ બંને ટેંકોએ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ જ કારણ છે કે, પાકિસ્તાનને ભારતના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. આ યુદ્ધમાં ભારતનો પાકિસ્તાન સામે વિજય થયો હતો. સેન્ટ્રલ કમાન્ડમાં પ્રવેશતાની સાથે જ તમે સૌથી પહેલા ફાઈટર પ્લેન જોશો જે સેન્ટ્રલ કમાન્ડ હેડક્વાર્ટરની નજીક જ સ્થાપિત કરવામાં આવ્યું છે.

## તંત્રી લેખ...

# લોકસભા ચૂંટણીમાં વિપક્ષી ગઠબંધન માટે કેટલું પડકારજનક રહેવાનું

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં જી-૨૦ની ઐતિહાસિક શિખર બેઠક માટે વિશ્વના દિગ્ગજ નેતાઓના આગમન વચ્ચે છ રાજ્યોની સાત વિધાનસભા બેઠકો માટે થયેલ પેટા ચૂંટણીઓનાં પરિણામો ઉપરછલ્લી રીતે ભલે મિશ્ર દેખાતાં હોય, પરંતુ વિપક્ષી ગઠબંધન બન્યા બાદ અને આ વર્ષે પાંચ રાજ્યો તથા આગામી વર્ષે લોકસભા ચૂંટણી પહેલાં આવેલાં આ પરિણામોના સુસ્પષ્ટ રાજકીય સંદેશ છે. એકંદરે જોઈએ તો સાત બેઠકોમાંથી ચાર બેઠકો વિપક્ષી ગઠબંધનના ખાતામાં ગઈ છે, જ્યારે ભાજપે ત્રણ બેઠકો જીતી છે. આ સાતમાંથી ઉત્તર પ્રદેશની ઘોસી પર બધાની નજરો હતી, જે બેઠક સપાએ પોતાની પાસે જાળવી રાખી છે, તેમ છતાં પક્ષપલટુ અને અવસરવાદી દારા સિંહની ભારે અંતરથી હાર ભાજપ માટે ચિંતાજનક તો છે જ. ખાસ કરીને એટલા માટે કે ઘોસીની પેટાચૂંટણીને વિપક્ષી ગઠબંધન અને ભાજપ વચ્ચે સીધી લડાઈ ગણાવવામાં આવી રહી હતી. લોકસભા ચૂંટણી પહેલાં ઉત્તર પ્રદેશમાં પેટા ચૂંટણીઓનાં આ પરિણામો ભાજપ માટે સુખદ ન કહી શકાય. જોકે ભાજપ પાસે ત્રણ સીટો હતી અને તેણે ત્રણ જ સીટો જીતી પણ લીધી છે. ત્રિપુરાની ધનપુર સીટ પર તો તેણે પોતાનો કબ્જો યથાવત રાખ્યો જ છે, બોક્સનગરમાં માકપાને તેણે લગભગ ૩૦,૦૦૦ મતોના ભારે અંતરથી હરાવી. એવામાં ત્રિપુરાની ૬૦ સદસ્યોની વિધાનસભામાં ભાજપની સીટો વધીને ૩૩ થઈ ગઈ. તેનાથી સ્પષ્ટ છે કે છ મહિના પહેલાં ત્રિપુરાની સત્તામાં પાછી ફરેલી ભાજપનો દબદબો યથાવત છે. એવી જ રીતે ઉત્તરાખંડની બાગેશ્વર સીટ પર કોંગ્રેસ સાથે આકરી ટક્કર છતાં તેણે એના પર કબ્જો જાળવી રાખ્યો છે. પરંતુ પશ્ચિમ બંગાળમાં જલપાઈગુડીની ધુપગુડી સીટ પર ભાજપની હાર લોકસભા ચૂંટણી પહેલાં પાર્ટી માટે મોટો ઝાટકો છે. જોકે આ બેઠક તૃણમૂલના ઉમેદવારે નજીવા અંતરેથી જીતી છે, પરંતુ તૃણમૂલની જીત વિપક્ષી ગઠબંધનનો ઉત્સાહ વધારનારી છે. વિપક્ષી ગઠબંધનના ઝારખંડ મુક્તિ મોરચાએ ડુમરી સીટ પર પોતાનો કબ્જો જાળવી રાખ્યો છે, તો કેરળની પુથપુલ્લી સીટ પર યુડીએફના ચાંડી ઓમાને ભારે અંતરથી જીત મેળવીને પોતાની સીટ બચાવી લીધી છે. આ દૃષ્ટિએ જોઈએ તો ગઠબંધનના પ્રદર્શનને સંતોષજનક જ કહી શકાય, પરંતુ પેટા ચૂંટણીઓમાં તેમની વચ્ચેના ડખા પણ સામે આવી ગયા છે. જેમ કે ઘોસીમાં સપાને કોંગ્રેસનું સમર્થન હતું, પરંતુ બાગેશ્વરમાં કોંગ્રેસ મુકાબલામાં હોવા છતાં સપાએ પોતાના ઉમેદવાર ઉતારી દીધા હતા. બીજી તરફ મમતાની ટીએમસી પણ બંગાળમાં એકલા ચાલોની જ નીતિ અપનાવી શકે છે અને લોકસભા ચૂંટણીમાં બેઠકોની વહેંચણીમાં તે દાદાગીરી કરી શકે છે. એનાથી પણ એ જાણ થાય છેકે લોકસભા ચૂંટણીમાં સીટો પર સહમતી બનાવવી વિપક્ષી ગઠબંધન માટે કેટલું પડકારજનક રહેવાનું છે.

## 'ભારત' શબ્દનો ઉલ્લેખ કરાવાથી વિપક્ષોએ હોબાળો મચાવી દીધો

દિલ્હીમાં આયોજિત જી-૨૦ સંમેલનમાં રાષ્ટ્રપતિ દ્વારા રાત્રિભોજનના આમંત્રણ પત્ર પર 'ઈન્ડિયા'ને બદલે 'ભારત' શબ્દનો ઉલ્લેખ કરાવાથી વિપક્ષોએ હોબાળો મચાવી દીધો. એવામાં આપણે તેને પૂર્ણતાથી સમજવાની કોશિશ કરવી જોઈએ. આપણે જાણીએ છીએ કે આપણા દેશ માટે કેટલાંય નામ પ્રચલિત છે, તો એ જાણવું જરૂરી છે કે આ નામોનો ઈતિહાસ શું છે અને કયું નામ અહીંના ઈતિહાસ અને સંસ્કૃતિનું સૌથી સચોટ પ્રતિનિધિત્વ કરે છે. સૌથી પહેલાં 'ભારત' નામની ઉત્પત્તિ જોઈએ. આ નામકરણથી સંબંધિત બે રસપ્રદ અને મહત્ત્વપૂર્ણ તથ્યનો ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે. પહેલો એ કે ભારત આ ભૂભાગ માટે ઉપયોગમાં લેવાતું સૌથી પ્રાચીન અને એકમાત્ર 'દેશજ' નામ છે. તેનો ઉલ્લેખ અનેક ભારતીય ગ્રંથોમાં જોવા મળે છે. બીજું તથ્ય એ છે કે ભારત નામ માત્ર ભૂભાગને દર્શાવવા સુધી સીમિત નથી, બલ્કે તેના ભૌગોલિક, રાજકીય અને સાંસ્કૃતિક નિહિતાર્થ છે. ભારત નામનું આરંભિક સૂત્ર ઋગ્વેદથી પ્રાપ્ત થાય છે. ઋગ્વૈદિક કાળમાં 'ભરત' આર્યોનો સૌથી પ્રતાપી રાજવંશ હતો. તે મુખ્યત્વે સરસ્વતી અને દશદ્વતી નદી વચ્ચે નિવાસ કરતા હતા, જેને બ્રહ્માવર્ત કહેવામાં આવતું. ભરતની જેમ એ સમયે અનેક અન્ય કબીલા પણ અસ્તિત્વમાં હતા જેમાં સંઘર્ષની સ્થિતિ હતી. સમયાંતરે 'દાશરાજ્ઞ' નામનું એક નિર્ણાયક યુદ્ધ થયું જેના પરિણામે સંપૂર્ણ ક્ષેત્ર એક રાજકીય એકમમાં તબદીલ થઈ ગયું અને એના પર ભરત જનનું શાસન સ્થાપિત થયું. વસ્તુતઃ પરુષ્ણી નદીનાતટ પર ભરત વંશના રાજા સુદાસ અને અન્ય દસ રાજાઓ વચ્ચે આ યુદ્ધ લડાયું હતું. તેમાં સુદાય વિજયી થયા. પરાજિત જનોમાં સૌથી મહત્ત્વપૂર્ણ 'પુરુ' હતો. બાદમાં ભરતની તેમની સાથે સંધિ થઈ જાય છે અને 'કુરુ' નામે એક નવા કુળની સ્થાપના થાય છે. આ ઐતિહાસિક વિવરણનો ઉદ્દેશ્ય એ સાબિત કરવાનો છે કે કેવી રીતે ભરત જનને ક્ષેત્રીય એકમો પર વિજય પ્રાપ્ત કરીને તેને એક ભૌગોલિક-રાજકીય સૂત્રમાં પરોવ્યું. શતપથ બ્રાહ્મણમાં તો ભારત માટે 'વિજિત્ય પૃથિવીં સર્વામ્'નો પ્રયોગ કર્યો છે. આ એ આકાંક્ષાનું શરૂઆતી પ્રસ્ફુટન હતું જેને આગળ જઈને એક 'ભારત' રાષ્ટ્ર બનવાનું હતું. જોકે ભરત વંશે આ ભૂ-ભાગમાં ભૌગોલિક અને રાજકીય એકીકરણની શરૂઆત કરી, તેથી આ ક્ષેત્રનું નામ 'ભારત' કહેવામાં આવે છે. આ પરંપરા અને ઈતિહાસથી આવેલું નામ છે. આગળ મહાભારતમાં પણ 'વર્ષ ભારત ભારત'નો ઉલ્લેખ આવેલો છે. ભારત ઉપરાંત જે બે અન્ય નામો પ્રચલિત છે, તે છે - હિંદુસ્તાન અને ઈન્ડિયા. આ બંને નામ મૂળ તો એક નદીથી ઉપજેલાં છે, માત્ર ભૂગોળને સંદર્ભિત કરે છે. સાથે જ તે વિદેશીઓ દ્વારા આપવામાં આવેલ નામ છે. વસ્તુતઃ સિંધુ નદીથી ભારતની ઉત્તર-પશ્ચિમી સીમા નિર્ધારિત થાય છે. તેથી સિંધુ નદીના પૂર્વ ભાગ માટે વિદેશીઓએ હિંદુસ્તાન અને ઈન્ડિયા શબ્દનો ઉપ યોગ કર્યો. સૌથી પહેલાં જ્યારે ઈરાની લોકો ભારતીયોના સંપર્કમાં આવ્યા તો તેમણે સિંધુને 'હિંદુ' કહ્યું, કારણ કે તેઓ 'સ'નો ઉચ્ચારણ 'હ' રૂપે કરે છે.આ પ્રકારે સિંધુને તેમણે હિંદુ કહ્યું અને પછી અહીંના નિવાસીઓ માટે હિંદુસ્તાનનું નામ ચલણમાં આવ્યું. લગભગ ૫૦૦ ઈ.પૂ.ના ઈરાની શાસક દ્વારા પ્રથમના એક અભિલેખમાં સૌથી પહેલાં હિંદુ શબ્દનો ઉલ્લેખ મળે છે. બાદમાં જ્યારે મુસલમાનોનો ભારતમાં પ્રવેશ થયો તો તેમણે પણ હિંદ અને હિંદુસ્તાનનો જ પ્રયોગ કર્યો.

## હિન્દુ ધર્મમાં ચારધામની યાત્રાનું ખૂબ મહત્વ છે અને એ હિસાબે હિન્દુ હોવાને નાતે મેં પણ ચારધામ યાત્રા કરી છે

# હિન્દુ ધર્મના પ્રણેતા એવા ભગવાન આદિદેવ શંકરા ચાર્ય દ્વારા કેદારનાથ મંદિરનું નિર્માણ થયું એવી એક લોકવાયકા છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

શ્રાવણ પૂરો થવા આવ્યો પરંતુ શિવાલય તો હજી ઘણા છે કોઈ માણસ સ્થાનનું મહત્વ હોય તો કોઈમાં શિવલિંગનો ઈતિહાસ હોય તો કોઈમાં જે તે વ્યક્તિ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હોય તેનું મહત્વ હોય હિમાલયના કેદાર દ્રુમ પર્વત પર સ્થિત એવા કેદારનાથનો ઈતિહાસ અને શિવલિંગ બંને અન્ય કથા કરતા તદ્દન જુદા છે, અને હિન્દુ ધર્મના મુખ્ય ચાર તીર્થ ધામ પૈકીનું એક તીર્થ કેદારનાથ પણ ગણવામાં આવે છે, તો આજે આપણે કેદારનાથ વિશે વાત કરીશું. બારે બાર જ્યોતિર્લિંગમાં કેદારનાથનો જ્યોતિર્લિંગ સર્વોત્તમ ઊંચાઈ પર આવેલું છે. દ્વાદશ જ્યોર્તિલિંગમાં સમુદ્રતળથી ૩૫૮૧ મીટરની સર્વાધિક ઊંચાઈએ આવેલું જ્યોર્તિલિંગ એટલે કેદારનાથ.હિમાલયની રુદ્ર હિમાલય પર્વતમાળામાં ચૌખમ્બા ગ્લેશિયર પાસે આવેલા કેદારનાથને કેદારેશ્વર અથવા કેદારાંચલ તરીકે પણ ઓળખવામાં આવે છે. યમુનોત્રી, ગંગોત્રી, બદરીનાથ અને કેદારનાથની પ્રખ્યાત ચારધામ યાત્રા પૈકીનું એક એવું કેદારનાથ શ્રદ્ધાળુઓની દૃઢ આસ્થાનું પ્રતીક છે. કેદારનાથમાં શિવજીનું સ્વરૂપ ત્રિકોણાકાર અથવા બળદની ખુંધના આકારનું છે, જે અન્ય ૧૧ જ્યોર્તિલિંગો કરતાં તદ્દન જુદું જ છે. કેદારનાથનું મંદિર ચારે બાજુ પર્વતની વચ્ચે આવેલું છે, એટલે કે કેદારનાથ ધામ દરેક બાજુએથી પહાડો ઘેરાયેલું છે. એક તરફ ૨૨ હજાર ફૂટ ઉંચા કેદારનાથ, બીજી તરફ ૨૧,૬૦૦ ફૂટ ઉંચા ખર્ચકુંડ અને ત્રીજી તરફ ૨૨,૭૦૦ ફૂટ ઉંચો ભરતકુંડ. કેદારનાથ ધામ દેશના બાર જ્યોતિર્લિંગોમાં સર્વોચ્ચ કેદારેશ્વર જ્યોતિર્લિંગ છે. મંદાકીની, મધુગંગા ક્ષીરગંગા, સરસ્વતી અને સ્વર્ણગૌરી. આમ અહીં પાંચ નદીઓનો પણ સંગમ થાય છે. ચૌરીબારી હિમનદનાના કુંડમાંથી નીકળતી મંદાકીની અલકનંદા આજે પણ છે ચૌખમ્બા ગ્લેશિયરમાંથી નીકળતી મંદાકિની નદી, બરફાચ્છાદિત પહાડો, કડકડતી ઠંડી, સુસવાટા મારતા ઠંડા પવનો , ધીમો વરસાદ અથવા બરફના ઝીણા કરા , સૂર્યનારાયણની ખૂબ જ ઓછી હાજરી અને સતત વાદળોથી ઢંકાયેલા રહેતા આકાશ વચ્ચે વસેલા શિવજીનું સ્થળ એટલે કેદારનાથ. દ્વાદશ જ્યોર્તિલિંગોની યાત્રામાં કેદારનાથની યાત્રાને એટલે જ અઘરી યાત્રા કહેવામાં આવે છે. શિવજીએ ગંગાજીનું અવતરણ સર્વપ્રથમ મંદાકિની સ્વરૂપે કરાવ્યું હોવાનું માનવામાં આવે છે.



કેદારનાથ અંગેની પૌરાણિક કથા અનુસાર જોઈએ તો, કેદારનાથ જ્યોર્તિલિંગ અંગે બે મુખ્ય કથાઓ પ્રચલિત છે. પ્રથમ કથા દ્વાપર યુગની શરૂઆતમાં થયેલા મહાભારતની છે. મહાભારતના યુદ્ધમાં કૌરવો સામે વિજય મેળવ્યા બાદ પાંડવોને લાગ્યું કે આ યુદ્ધમાં પોતાનાથી બ્રહ્મહત્યા, ગૌહત્યા થઈ છે અને પાંડવોએ જ પોતાનાં ભાઈ - ભાંડુઓને હણ્યાં છે. આમ, પોતાનાથી મોટું પાપ થઈ ગયું હોવાનું માનતા પાંડવો મહર્ષિ વેદવ્યાસ પાસે જઈને પોતાની સમસ્યા જણાવે છે. મહર્ષિ વેદવ્યાસ આ પાપના પ્રાયશ્ચિત માટે પાંડવોને હિમાલયમાં ભગવાન શિવના દર્શને જવાનું કહે છે. વ્યાસજીની સલાહ માનીને પાંચ પાંડવો અને દ્રૌપદી હિમાલયમાં શિવજીનાં દર્શનાર્થે નીકળી પડે છે. બીજી તરફ ભગવાન શિવજી પાંડવોની કસોટી કરતાં હોય તેમ દર્શન આપતા નથી. પાંડવો ફરતાં ફરતાં ગુપ્તકાશી પાસે આવે છે . આ સ્થળે સહદેવ અને નકુલને એક વિચિત્ર પ્રકારનો બળદ નજરે ચડે છે. આથી તેને પકડવા તેની પાછળ દોડે છે. પાંડવો બળદ રૂપે રહેલાં શિવજીને ઓળખી લે છે. આથી શિવજી ભૂગર્ભમાં જતા રહે છે, પરંતુ પાંડવોમાં ભીમ તેમની પીઠની ખૂંધને પકડી પાડે છે. કથા એવી છે કે બળદની પીઠની ખૂધનો ભાગ જે સ્થળે દેખાયો તે કેદારનાથ, હાથ દેખાયા તે તુંગનાથ, ચહેરો દેખાયો તે રુદ્રનાથ, પેટનો ભાગ દેખાયો તે મદદ્રમહેશ્વર અને વાળ દેખાયા તે સ્થળ એટલે કલ્પેશ્વર, બળદના સ્વરૂપે રહેલા શિવજી અને ભીમ વચ્ચે જે ખેંચાખેંચ ચાલી, તેમાં બળદના શીર્ષનો ભાગ નેપાળમાંથી નીકળ્યો, જેને આપણે પશુપતિનાથ તરીકે જાણીએ છીએ.

ઐતિહાસિક મહત્વ ધરાવતાં કેદારનાથ વિશે બીજા ત્રણ ચાર રહસ્યો પણ જાણવા મળે છે, છ મહિના સુધી મંદિર સંપૂર્ણપણે બંધ રહે છે છતાં દિપક પ્રજ્વલિત રહે છે, બીજુ મંદિરની સ્વચ્છતા પણ એવી ને એવી જ હોય છે, એટલે કે મંદિર જ્યારે બંધ કરવામાં આવે ત્યારે મંદિરનું ગર્ભગૃહ જે સ્થિતિમાં હોય એ જ સ્થિતિમાં છ મહિના પછી પણ જોવા મળે છે. આ ઉપરાંત યુગોના અંતર પ્રમાણે ૧૪મી સદી પછી એક યુગ કે કલ્પ નો એક ગાળો એવો રહ્યો એમાં ૪૦૦ વર્ષ સુધી આ શિવાલય બરફમાં દટાઈ ગયું હતું, અને ૪૦૦ વર્ષ બાદ ધીરે ધીરે બરફનું ગ્લેશિયર સરી જતા ફરી પાછું શિવાલય એટલે કે કેદારનાથ મંદિર નજરે ચડ્યું. આ ઉપરાંત હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાના કારણે હોનારત થઈ હતી, અને આપણે સૌ જાણીએ છીએ કે બધી જ ઈમારતો ધરાશાયી થઈ ગઈ, છતાં આઠમી સદીમાં બનાવેલું આ મંદિર અડીખમ ઊભું હતું, એ આજના આર્કિટેક સામે એક પડકાર છે કે દૈવી શક્તિનો પ્રતાપ છે એ પણ એક સંશોધનનો વિષય બની શકે. હિન્દુ ધર્મના પ્રણેતા એવા ભગવાન આદિદેવ શંકરા ચાર્ય દ્વારા આ મંદિરનું નિર્માણ થયું એવી પણ એક લોકવાયકા છે.

તાજેતરમાં આવેલા પ્રચંડ પુરના પગલે વિજ્ઞાનીઓ એવી ચેતવણી આપે છે કે પ્રદૂષણને કારણે બર્ફીલા પર્વતો સતત પીગળી રહ્યાં છે, એને કારણે ઉપર પહાડોમાં જળાશયોની માત્રા વધી રહી છે. વાદળો ફાટવાની ઘટના અને ચોમાસા દરમિયાન ભારે વરસાદ વગેરેને લીધે ગાંધી સરોવર તુટી ગયું હતું, અને તેમાંથી ધોધ સ્વરૂપે પાણીનો જથ્થો મંદિર તરફ ધસી આવ્યો હતો. પરતુ એક બહુ મોટી શિલા મંદિરની અડસ સ્વરૂપે આવી જવાથી આ મંદિર બચી ગયું હતું. આગામી સમયમાં પણ આવુ થઈ શકે છે. જો પર્વતોમાંથી મોટી મોટી શીલાઓ કે ભેખડો ધસી પડીને મંદિર પર પડે તો તેને નુકસાન થઈ શકે છે તેથી તેનું એ પ્રમાણે નિર્માણ થવું જોઈએ કે આવનારા સમયમાં આવી કોઈ કુદરતી આપત્તિમાં પણ ટકી રહે.

કેદારનાથ મંદિરના દર્શન બહુ જ દુર્લભ છે, કેદારનાથનું મંદિર વર્ષમાં છ મહિના ખુલ્લું રહે છે. બાકીના છ મહિના મંદિર બરફથી ઢંકાયેલું રહે છે. દર વર્ષે અખાત્રીજની આસપાસ, મે મહિનામાં મંદિરના કમાડ ખૂલે છે અને ઓક્ટોબર - નવેમ્બરમાં ભાઈબીજના દિવસે મંદિરના કમાડ બંધ થાય છે. મંદિરના કમાડ ખૂલવાની તારીખ કેદારનાથ મંદિરના મુખ્ય પૂજારી અને સહયોગીઓ દ્વારા મહાશિવરાત્રિ પર્વ પર ઉખીમઠમાં નક્કી કરવામાં આવે છે. મે, જૂન તેમ જ સપ્ટેમ્બર - ઓક્ટોબરમાં યાત્રિકોનો ધસારો જોવા મળે છે. જૂનના બીજા પખવાડિયાથી ઓગસ્ટ સુધીનો સમય સામાન્ય રીતે વરસાદનો હોવાથી યાત્રીઓની સંખ્યા ઓછી હોય છે ભાઈબીજના દિવસે મંદિરના કમાડ બંધ થાય છે અને શિવજીની મૂર્તિને ધામધૂમથી પાલબાનું ઉખીમઠમાં આવેલા ઓમકારેશ્વર મંદિરમાં લાવવામાં છે. શિયાળામાં કેદારનાથજીની પૂજા ઉખીમઠમાં થાય છે. દર્શનાર્થીઓ માટે કેદારનાથ મંદિરના દ્વાર સવારે ૬.૦૦ કલાકે ખુલે છે અને બપોરે ૨.૦૦ કલાકે બંધ થાય છે. બપોરે ૩.૦૦ કલાકે મંદિર પુનઃ ખુલે છે અને રાત્રે ૮.૦૦ કલાકે બંધ થાય છે. રાત્રે ૭.૪૫ કલાકે કેદારનાથ મંદિરમાં આરતી થાય છે. દર્શનાર્થીઓ સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક સુધી ગર્ભગૃહમાં પ્રવેશીને પૂજા કરી શકે છે. બપોર પછીના સમયમાં ગર્ભગૃહમાં પ્રવેશી શકાતું નથી. ત્યારબાદ જે ૪.૦૦ કલાકે ભોગ અર્પણ કરવામાં આવે છે. સાંજે ૫.૦૦ કલાકથી મંદિરમાં શૃંગાર દર્શન થાય છે. રક્ષાબંધનના આગલા દિવસે શ્રાવણી અન્નકૂટ મેળો પણ મંદિરમાં યોજાય છે, જેમાં જ્યોર્તિલિંગને રાંધેલા ભાતથી શણગારવામાં આવે છે અને તે ભાતને પ્રસાદ તરીકે શ્રદ્ધાળુઓમાં વહેંચી દેવામાં આવે છે . મંદિર બંધ થવાના અંતિમ દિવસે ભાઈબીજે વિશેષ સમાધિપૂજા કરાવવામાં આવે છે. મંદિરની પૂજાવિધિ કેદારનાથ મંદિરમાં સવારની અને સાંજની એમ બે ભાગમાં જુદા જુદા પ્રકારની પૂજા થાય છે. સવારની પૂજા કુલ આઠ પ્રકારની છે. જેમાં મહાભિષેક પૂજા, રુદ્રાભિષેક પૂજા, લઘુરુદ્રાભિષેક, ષોડશોપચાર, અષ્ટોપચાર, પંચોપચાર આખા દિવસની પૂજા, અનુપ્રાતઃકાલીન પૂજાનો સમાવેશ થાય છે. કેદારનાથ જ્યોર્તિલિંગની વિશેષતા કેદારનાથ જ્યોર્તિલિંગની વિશેષતા એ છે કે તેમાં અન્ય જ્યોર્તિલિંગોમાં હોય છે તેવું શિવલિંગ નથી, પરંતુ તે પિરામિડ આકારનો વિશાળ પથ્થર છે. શ્રદ્ધાળુઓ આ જ્યોર્તિલિંગને ઘી લગાવે છે અને તેને આલિંગન આપે છે. આ ઉપરાંત બિલીપત્ર, જળ અને દૂધ પણ ચડાવવામાં આવે છે. હિમાલયમાં વસેલું કેદારનાથ ચારધામ યાત્રા પૈકી એક યાત્રાધામ છે. એક એવી પ્રથા છે કે શ્રદ્ધાળુઓ ગંગોત્રીથી ગંગાજળ લઈને કેદારનાથ જ્યોર્તિલિંગ પર તેનો અભિષેક કરે છે.

પંચકેદારયાત્રા માનવશરીર પાંચ તત્ત્વોનું બનેલું છે, જેને પંચમહાભૂત કહે છે. ભારતીય વિચારધારામાં 'પાંચને વિશિષ્ટ સ્થાન મળેલું છે. કેદારનાથ ક્ષેત્રમાં કેદારનાથ સહિતના કુલ પાંચ વિશિષ્ટ સ્થાનની ગણના વિશ્વના સર્વશ્રેષ્ઠ સૌંદર્ય સ્થળો પૈકીના એક તરીકે થાય છે. આ પાંચ સ્થળોમાં શ્રી કેદારનાથ, મદદ્રમહેશ્વર, તુંગનાથ, રુદ્રનાથ અને કલ્પનાથનો સમાવેશ થાય છે. ઘણા શ્રદ્ધાળુઓ આ પાંચ શિવસ્થાનકોની યાત્રા શ્રદ્ધાપૂર્વક કરે છે, જેને પંચકેદારની યાત્રા કહે છે. કેદારનાથ કેવી રીતે જશો ? અમદાવાદથી કેદારનાથ જવા માટે પહેલાં હરિદ્વાર સુધી પહોંચવું પડે , અમદાવાદથી દરરોજ સવારે ૧૦.૦૦ કલાકે હરિદ્વાર મેલ ઊપડે છે, જે બીજે દિવસે બપોરે ૧૨.૩૦ કલાકે હરિદ્વાર પહોંચાડે છે.

### શ્રાવણ માસમાં શિવ મહિમા-૨૫

# આઠમા ત્ર્યંબકેશ્વર જ્યોતિ લિંગનો મહિમા જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



આજે રાજધાની દિલ્હીમાં જી૨૦નો માહોલ અને મહેમાન નવાજી યોજાઈ રહી છે ત્યારે આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા ૨૫ આઠમા ત્ર્યંબકેશ્વર જયતિલિંગનો મહિમા જાણીએ ત્ર્યંબકાર એ મહારાષ્ટ્ર રાજયના નાસિક જિલ્લાના ત્ર્યંબક શહેરમાં આવેલું પ્રાચીન હિંદુ મંદિર છે. ત્ર્યંબક નાસિક શહેરથી ૨૮ કિમી દૂર આવેલું છે. ચૈત્ર પર શિવના ૧૨ જયોતિર્લિંગ માંનું એક છે.મંદિરના પરિસરમાં આવેલો કુંડ કુશાવર્ત ગોદાવરી નદીનો સ્ત્રોત રાષ છે, ગોદાવરી નદી દુખણ પ્રદેશમાં આવેલી સૌથી લાંબી નદી છે. કાલનું મંદિર પેશ્વા બાલાજી રાવ (નાનાસાહેબ) દ્વારા બાંધવામાં આવ્યું હતું. આ મંદિર પંદરેક ફૂટ ઊંચા કિલ્લાથી રચાયેલ છે. ઉત્તરમાં આવેલ સિહારમાંથી દાખલ હતાં વિશાળ પટાંગણ આવે છે. અને તેની વચ્ચે ૯૦ ફૂટ પહોળું, ૫૫ ફૂટ લાંબુ અને ૫ ફૂટ ઊંચુ અદ્ભૂત કોતરણીવાળું કાળમીઢ પથ્થરનું ભવ્ય મંદિર આવેલ છે. આ જયોર્તિલિંગ પરંપરાગત શિવલિંગ જેવું નથી. ગર્ભગૃહની અંદર વિશાળ ઘડામાં એક ફૂટ પહોળો અને દોઢેક ફૂટ ઊંડો ખાડો છે, જે મોટેભાગે આ જયોર્તિલિંગના પેટાળમાં વહેતી ગૌતમી નદીના પાણીથી ભરાયેલો જ રહે છે. એથી જવાથી જળ નો સાર થાય છે, તે મુખને હાથથી બંધ કરી દેવામાં આવે તો તેની અંદરની દિવાલ પર થોડા ઊંડે આવેલ મોટા લીંબુ જેવડા ત્રણ લિંગો અને ચોરસ ખાડો સ્પષ્ટ દેખાય છે. અહીં સ્ત્રીઓને જયોર્તિલિંગની પૂજા કરવાની મનાઈ છે. આવી કથા છે કે ગૌતમ નામે શ્રેષ્ઠ ઋષિએ બ્રહ્મ નામે પર્વત પર દશ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું.કોઈ કાળે ત્યાં સો વર્ષ સુધી ભયંકર અનાવૃષ્ટિ થઈ, સહેજ પણ વરસાદ પડ્યો નહિ.આથી ગૌતમે વરુણને ઉદ્દેશી તપ કર્યું. વરુણદેવ પ્રસન્ન થતાં વરદાન માગવા કહ્યું, ત્યારે ગૌતમે વરસાદની માગણી કરી. વરુણેકહ્યું "દેવોની આજ્ઞાને ઓળંગીને હું વરસાદ તો ન આપી શકું, પણ તમે એક ખાડો કરો." ગૌતમે એક હાથ ઊંડો ખાડો ખોદતાં વરુણે તે ખાડાને જળથી છલોછલ ભરી આપ્યો અને કહ્યું : "તે ખાડો અખૂટ રહેશે, અને તમારે નામે ત્ર્યંબકેશ્વર તરીકે ઓળખાશે." વરુણની વાણીથી ખાડામાં જળ અક્ષય રહ્યું. દુર્લભ જળ મેળવીને ગૌતમે અન્ય ધાન્ય વાવ્યાં. આથી ઘણા જીવો તથા મુનિઓ ત્યાં આવ્યા અને સુખશાંતિ પામ્યા.

એકવાર ગૌતમના શિષ્યો પાણી લેવા ગયા ત્યારે ઋષિ પત્નીઓએ તેમને અટકાવ્યા ને કહ્યું : "પ્રથમ અમે પાણી મેળવીશું, પછી તમે તે દૂરથી લઈ શકશો."તિરસ્કારેલા શિષ્યો પાછા ફર્યાને ગૌતમની પત્ની અહલ્યાને વાત કરી, એટલે અહલ્યા પોતે જઈને પાણી લાવી શિષ્યોને આપ્યું. આમ, દરરોજ થવા લાગ્યું. આથી ઋષિપત્નીઓ અહલ્યા પર ગુસ્સે થઈ અને પોતાના પતિ સમક્ષ ઊલટી રીતે રજૂઆત કરી. આથી તે મહર્ષિઓ ગૌતમ ઋષિ પર ક્રોધે ભરાયા, તેમણે ગણેશજીની આરાધના કરી. ગણેશજીએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું ત્યારે ઋષિ ઓએ કહ્યું : "તમે અમારા પર પ્રસન્ હો તો ગૌતમ ઋષિને બહાર કાઢો." ગણેશજીએ કહ્યું : "તમે લોકો આ યોગ્ય નથી કરતા." આ માટે ગણેશજીએ ઋષિઓને સમજાવ્યા,છતાં ના માનતાં ગણેશ જી ઋષિઓની ઈચ્છા પૂર્ણ કરવા દુબળી ગાય બની ડાંગર તથા જવ ને આરોગવા લાગ્યા. ગૌતમે ઘાસ ના ગુચ્છાથી ગાયને અટકાવવા જતાં ગાય નીચે પડીને મૃત્યુ પામી. આ જોઈ બધા ઋષિ ઓ બોલ્યા : "અરે,આ શું કર્યું?'ગૌતમે અહલ્યા ને બોલાવ્યાં. તેઓ ખૂબ જ વિસ્મય પામ્યાં. ગૌતમે કહ્યું : "મારાથી ગૌહત્યા થઈ ગઈ." પેલા બ્રાહ્મણોએ ગૌતમ ઋષિનો તિરસ્કાર કર્યોને આશ્રમ છોડી જવા કહ્યું. તેમણે અહલ્યાને પણ કડવા વચન સંભળાવ્યાં અને પથ્થરો મારી ત્રાસ આપવા માંડ્યો. તેઓ કહેવા લાગ્યા : "તમે ત્રણ વાર આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી, તમારું પાપ દરેક જગ્યાએ પ્રકટ કરવું અને એક મહિનાનું મૌનવ્રત કરો. પછી એકસો એક વાર આ બ્રહ્મ પર્વતની પ્રદક્ષિણા કરી, શુદ્ધિ પ્રાપ્ત કરો અથવા યશપાલસિંહ ટી. વાઘેલા તમે ગંગાને અહીં લાવી તેમાં સ્નાન કરી , એક કરોડ પાર્થિવ લિંગની સ્થાપના કરી ભોળાનાથનું સેવન કરો. પ્રથમ ગંગાસ્નાન કરી સો ઘડાના જળથી પાર્થિવ લિંગને સ્નાન કરાવશો તો તમારું પ્રાયશ્ચિત્ત થશે." પછી પત્ની સહિત ગૌતમ ઋષિએ ભોળાનાથ નું પૂજન કરતા શંભુ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું : "મને ગૌ હત્યાના પાપમાંથી મુક્ત કરો." ત્યારે શિવજીએ કહ્યું : "તમે સર્વ કાળ પાપરહિત છો.આ દુષ્ટ ઋષિ ઓએ કપટ કરી તમને પજવ્યા છે.તેઓ દુરાચારી અને ગૌહત્યારા છે. તેમને શુદ્ધ થવા માટે ક્યાંય પ્રાયશ્ચિત્ત નથી." આમ તે દુષ્ટ બ્રાહ્મણોનું દુષ્ટ ચરિત્ર તે વખતે કહી સંભળાવ્યું. ગૌતમે કહ્યું : "હે પ્રભુ ! આ ઋષિઓએ તો મોટો ઉપકાર કર્યો છે, તેનાથી તો હું આપનાં દર્શન કરી શક્યો. તેઓએ મારું કલ્યાણ કર્યું છે."આ સાંભળી ભોળાનાથે ખૂબ પ્રસન્ન થયા. તેમણે ઉત્તમ પ્રકારનું વરદાન માગવા કહ્યું, ત્યારે ગૌતમે કહ્યું : "આપ મને ગંગા અર્પણ કરી લોકકલ્યાણ કરો." ત્યારે ભોળાનાથે પૃથ્વી અને સ્વર્ગના સાર રૂપ જળ આપ્યું અને ગંગા સુંદર સ્ત્રી રૂપે પ્રકટ્યાં. ગૌતમે પ્રણામ કરી કહ્યું : "તમે સઘળા ભુવનને પવિત્ર કરો."પછી ભોળા નાથે ગંગાને કહ્યું :"તમે મારી આજ્ઞાથી આ ગૌતમને પવિત્ર અને મંગલ બનાવો.' ત્યારે ગંગાએ કહ્યું : '"હે પ્રભુ ! પરિવાર સહિત ગૌતમ ઋષિને પવિત્ર કરીને હું મારા સ્થાને જતી રહીશ." ત્યારે ભક્તવત્સલ ભોળાનાથે કહ્યું : "હે દેવી, અઠ્ઠાવીસમો વૈવસ્ત મનુ થાય અને જ્યાં સુધી કલિયુગ જતો રહે, ત્યાં સુધી તમારે અહીં રહેવું.' આ વચન સાંભળી ગંગાએ 'પોતાનું માહાત્મ્ય સર્વથી અધિક થાય, તો પોતે આ પૃથ્વી પર રહેશે' એમ નક્કી કર્યું. ભોળાનાથે કહ્યું : "હે દેવી ! હું તમારાથી જુદો નથી, તો હું પણ તમારી સાથે રહું છું,તમે પણ અહીં રહો."પ્રસન્ન થયેલા ગંગાએ ભોળાનાથની પૂજા કરી. આ જયોર્તિલિંગ ત્ર્યંબકેશ્વર કહેવાય છે. નાસિક અવિભાજય બની ગયેલા અંગ છે. ગોદાવરી નદીના તટે વસેલું નાસિક દક્ષિણનું બનારસ પણ કહેવાય છે. કારણ કે અહીં સંખ્યાબંધ મંદિરો છે. જોવાલાયક મંદિરોમાં સુંદરનારાણ મંદિર, જલારામ મંદિર, ગોરારામ મંદિર, મુક્તિધામ, પંચવટી અને તપોવન મુખ્ય છે. દર બાર વર્ષે અહીં કુંભમેળો ભરાય છે.

સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## આરોગ્યપ્રદ મજેદાર કહેવતો અને બાળગીતો



ગુજરાતી કહેવતો હોય કે અન્ય ભાષાની કહેવતો વ્યવહારિક હોય કે આરોગ્યને લગતી હોય સાદી રીતે કહીએ તો કહેલી વાત અથવા કથન કે લોકો દ્વારા બોલવામાં આવતી વાચા પરંપરાથી લોકોમાં કહેવાતું બોધરૂપ, દૃષ્ટાંતરૂપ વાકય. ડાહ્યા માણસો અનુભવી દ્વારા જે વચન કહેવાય ગયા છે, તે જ કહેવત, કહેવત કે બાળગીત કોણે કહ્યાં કોણે સૌપ્રથમ લખ્યા તેના વિશે કોઈ ચોક્કસ માહિતી નથી. પણ એમ કહી શકાય કે અગાઉના સમયમાં બની ગયેલા કોઈ પ્રસંગમાંથી અથવા વડવાઓ દ્વારા અથવા સૂઝ-સમજણવાળા માણસો દ્વારા કહેલી વાર્તાલાપમાંથી કહેવતો નો જન્મ થયો એમ કહી શકાય. ટૂંકમાં કહીએ તો પ્રજાનું ઘૂટાયેલું ભાષા બદ્ધ થયેલી અનુભવવાણી, કહેવતો લોક સંસ્કૃતિનું દર્પણ છે. એમાં સમાજ વ્યવહારનું સીધું પ્રતિબિંબ અને લાંબી સમજ મળે છે. બાળગીતો, કહેવત અને ઉખાણાંઓમાં વ્યવહાર-જ્ઞાનનો અને આરોગ્ય જ્ઞાનનો ખજાનો છે. જ્ઞાનવાણી પ્રજા જીવનનું ડહાપણ વગેરે વારસાગત રીતે પરંપરાથી પેઢી દર પેઢી ઊતરી આવે છે. ગુજરાતી કે અન્ય ભાષાની કહેવતો નવી પેઢીને પહોંચાડવી એ લોઢાન ચણા ચાવવા બરાબર છે. આધુનિક યુગની ઝાકળઝંઝાથી યુવાનો દૂર ભાગે અને કુદરત તરફ આકર્ષાય એવો પ્રયાસ જરૂરી છે. માનવીએ પોતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહીને રોગપ્રતિકારક શક્તિ વધારવી જોઈએ. સ્વાસ્થ્યની ખરી કિંમત તો તેની ગેરહાજરીમાં સમય. માનવ અસ્તિત્વ માટે સ્વાસ્થ્ય અને તેની જાળવણી ખાસ મહત્ત્વની છે. આરોગ્યને લગતી કહેવતોમાંથી બોધ લઈને તેનો ઉપયોગ જીવનમાં લાવી આરોગ્ય જાળવી શકાય છે.કહેવત એ લોકસાહિત્યનું લઘુ સ્વરૂપ છે. કહેવતને સંસ્કૃત અને હિંદીમાં 'લોકોક્તિ' મરાઠીમાં મ્હણ, બંગાળમાં પ્રવાદ, નેપાળમાં કહાવત, પંજાબીમાં કહોત, રાજસ્થાનીમાં ઓખાણા અને અંગ્રેજીમાં પ્રોવર્બ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં પણ તેને કહેવત, ઉક્તિ, કહેતી, કોયડો કે સમસ્યા જેવા થાય છે.

# મીઠાના આ ટોટકા દૂર કરી દેશે ઘરમાંથી ગરીબી, ખરાબ નજરથી પણ રાખશે દૂર



જીવનમાં ઘણી વખત મહેનત કર્યા પછી પણ સફળતા મળતી નથી. ગૃહ કલેશ અને મન ઉદાસ રહે છે તો મીઠાના ટોટકા આ સમસ્યાને ખતમ કરી શકે છે. તો ચાલો જાણીએ આ ટોટકા કયા છે અને કેવી રીતે કરવું. દરેક જીવનમાં પૈસા અને સારું સ્વાસ્થ્ય મેળવવા ઈચ્છે છે. એના માટે વ્યક્તિ દિવસ રાત મહેનત કરે છે. સવારે યોગથી લઈ વર્કઆઉટ કરે છે. આટલી બધી મહેનત પછી પણ કેટલાક લોકો પૈસાની તંગીનો સામનો કરી રહ્યા હોય છે. ઘરમાં કહેલ અને દરિદ્રતા છવાય જાય છે. એનું કારણ ભાગ્યનો સાથ ન એવો અને વાસ્તુ દોષ છે. એનાથી છુટકારો મેલકવવા માટે તમે મીઠાના ઉપાય કરી શકો છો. મીઠું ભોજનમાં સ્વાદ ઉમેરવા સાથે જીવનની ઘણી પરેશાનીઓ દૂર કરી શકે છે.

જ્યોતિષચાર્ય અનુસાર, જ્યોતિષમાં મીઠાનું ખુબ મહત્વ હોય છે. એનો ઉપયોગ રોગ દોષ દૂર કરવા સાથે ખરાબ નજર પણ હટાવે છે. એના ઉપાય ઘરમાં સંપન્નતા લાવી શકે છે. આ ઉપાય કરવાથી વાસ્તુ દોષથી લઈ ગ્રહ દોષ પણ દૂર થઈ શકે છે. જો તમે પણ સમસ્યાઓથી પરેશાન છો તો મીઠાના આ ટોટકા અજમાવી શકો છો. ઘરમાંથી દુર થઈ જાય છે બધી નકારાત્મકતાઃ જો તમારા ઘરમાં નકારાત્મકતા હાવી થઈ ગઈ છે. એના કારણે ઘરમાં વ્યક્તિના વિચારવાની સમજવાની શક્તિ પણ પ્રભાવિત થાય છે. મનમાં હંમેશા દુઃખી અને ગંદા વિચાર આવે છે. એનાથી છુટકારો મેળવવા પાણીમાં એક ચમચી મીઠું નાખો. આ પાણીનું પોતું મારો. નિયમિત રૂપથી આવું કરવાથી નકારાત્મકતા દૂર થશે અને સકારાત્મકતાનો વાસ થશે. દૂર થઈ જશે પૈસા સાથે જોડાયેલી સમસ્યાઓઃ ઘણા પૈસા કમાયા પછી પણ ઘરમાં તંગી રહે છે. ધન નહીં ટકતું અને ગરીબી રહે છે તો મીઠાના ટોટકા ખુબ લાભકારી છે. એના માટે મીઠાના એક કાચના ગ્લાસમાં ભરી એમાં ૪-૫ લવિંગ નાખી મૂકી દો. આવું કરવાથી ઘરમાં બરકત રહેશે. ગરીબી ખતમ થશે અને અટકેલું ધન પ્રાપ્ત થશે. પતિ-પત્ની વચ્ચે પ્રેમ વધશેઃ પતિ-પત્ની વચ્ચે ઝગડા કે તણાવ રહે છે. તેનું કારણ વાસ્તુ દોષ હોઈ શકે છે. ગ્રહો, નક્ષત્રો અને કુંડળીમાં દોષ પણ તેનું કારણ છે. જો તમે પણ તેનાથી પરેશાન છો તો મીઠાનો આ ઉપાય તેને દૂર કરી શકે છે. આ માટે કાચના બાઉલમાં અથવા ગ્લાસમાં રોક સોલ્ટ નાખીને બેડરૂમમાં રાખો. તેનાથી રૂમમાં રહેલી નકારાત્મકતા દૂર થશે. પતિ-પત્નીના સંબંધો સુધરતાં પ્રેમ વધશે. ખરાબ નજરનો ઈલાજઃ મીઠાના આ ટોટકા ખરાબ નજરને પણ દુર કરે છે. જો ઘરના નાના બાળકો પર ખરાબ નજર પડે તો ચિંતા ન કરો. તેમને સ્નાન કરાવતી વખતે પાણીમાં થોડું મીઠું નાખો. આ યુક્તિ ચૂપચાપ કરો.

## ધર્મ રહસ્યઃ કેમ નંદીના કાનમાં બોલવાનું મહત્વ છે?

શિવ મંદિરમાં નંદીના કાનમાં પોતાની મનોકામના કહેવામાં આવે છે. તમારામાંથી પણ ઘણા લોકો આવું કરતા હશે. પણ આ પરંપરા પાછળની માન્યતા આપને ખબર છે? માન્યતા છે કે ભગવાન શિવ તપસ્વી છે અને તેઓ હંમેશાં સમાધિમાં રહે છે. એવામાં તેમની સમાધિ અને તપસ્યામાં કોઈ વિઘ્ન ન આવે, એટલા માટે નંદી જ વ્યક્તિની મનોકામના શિવજી સુધી પહોંચાડે છે. આ માન્યતાના કારણે લોકો શિવજીના બદલે નંદીને મનોકામના સંભળાવે છે. શાસ્ત્ર, વેદ, પુરાણો અનુસાર



શિવજીએ નંદીને વરદાન આપ્યું છે કે જ્યાં હું હોઈશ ત્યાં તમારે મારી સાથે રહેવાનું છે. ભોળાનાથે નંદી મહારાજને એ પણ વરદાન આપ્યું છે જે કોઈ શિવભક્ત તમારા કાનમાં મનોકામના કહેશે તેમની ઈચ્છા હું પૂર્ણ કરીશ.

જ્યોતિષાચાર્ય દિપેનભાઈ રાવલના જણાવ્યા મુજબ, ભગવાન ભોળાનાથે અમુક નિયમો પણ કહ્યા છે જ્યારે નંદી મહારાજને કાનમાં કહેવું હોય ત્યારે જમણા કાનમાં કહેવું અને ત્રણ તાળી વગાડવી અને કહેતી વખતે ઓમ શબ્દનો ઉચ્ચાર કરો. કારણ કે ઓમ શબ્દ એ બ્રહ્મ શબ્દ છે અને ઓમ નમઃ શિવાય કહ્યા બાદ જો તમારે મનોકામના, વેદના, સમસ્યા કહેવામાં આવે તો શિવજી જલ્દીથી તે મનોકામના પૂર્ણ કરે છે.

## ભૂલથી પણ આવી છોકરીઓ સાથે લગ્ન ન કરતા



તમારે તામરા માટે લાઈફ પાર્ટનર ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરવું જોઈએ. કારણ કે તે સ્ત્રી જ છે જે તમારા જીવનના તમામ ખરાબ સંબંધોને સુધારી શકે છે અને સારા સંબંધોને પણ બગાડી શકે છે. આવી સ્થિતિમાં લગ્ન માટે યોગ્ય છોકરીની પસંદગી કરવામાં તમે ચાણક્ય નીતિની મદદ લઈ શકો છો.

લગ્ન માટે એક સારી છોકરી શોધવી સરળ નથી. આજના સમયમાં વધુ છોકરાઓ સુંદરતા જોઈએને છોકરીઓ સાથે લગ્ન કરે છે અને થોડા સમય પછી એને જ્ઞાત થાય છે કે એમણે લગ્ન કરી મોટી ભૂલ કરી દીધી. ત્યાં જ પોતાના ઘરના લોકો દહેજના ચક્કરમાં તપાસ કર્યા વગર પોતાની છોકરીના લગ્ન કરાવી દે છે. પછી ઘરમાં રોજ રોજ થતા ઝગડાથી પરેશાન થઈ જાય છે. આવી સ્થિતિમાં, જો તમે તમારા પરિવારમાં આવી સ્ત્રીને વહુ તરીકે લાવવાથી બચવા માંગતા હોવ, તો લગ્ન માટે છોકરી પસંદ કરતી વખતે, ચાણક્ય નીતિમાં ઉલ્લેખિત કેટલીક બાબતોનું ધ્યાન રાખો. ચાણક્ય નીતિ ભારતના મહાન અર્થશાસ્ત્રી અને દર્શનિય આચાર્ય ચાણક્ય દ્વારા લખવામાં આવી છે. એમાં સેંકડો વર્ષ પહેલાં જણાવેલી વાતો વર્તમાન સમય અને પરિસ્થિતિ માટે એકદમ સચોટ છે. તેની મદદથી વ્યક્તિ પોતાના અંગત જીવનની દરેક સમસ્યામાંથી સરળતાથી બહાર નીકળી શકે છે. સારા સંસ્કાર અને ગુણનો અભાવઃ ચાણક્ય નીતિમાં એવી છોકરી સાથે લગ્ન ન કરવાની સલાહ આપવામાં આવી છે, જે સમાન કુળની ન હોય કે નીચી જાતની ન હોય. કારણ કે આવી છોકરીઓમાં સંસ્કારનું સ્તર પણ આ જ રીતે ઓછું હોય છે. આ બાબત તેના ઉઠવા-બેસવા, બોલવા ચાલવામાં પ્રતિબિંબિત થાય છે. જ્યારે આ વાતને અવગણીને લગ્ન કરવામાં આવે છે, તો ઘરમાં ઝઘડાની શક્યતાઓ ઘણી વધી જાય છે. ધર્મમાં ન માનનારઃ જે છોકરીને પોતાના ધાર્મિક કાર્યમાં વિશ્વાસ હોય, આવી છોકરી જીવનસાથી બનવા માટે શ્રેષ્ઠ હોય છે. જે છોકરીઓને પોતાના ધર્મ અને કર્મ વિશે જાણકારી હોતી નથી, આવી છોકરીઓ વારંવાર ઘર તોડવાનું કામ કરે છે. તેણી તેના પરિવારના સભ્યો કરતા તે લોકો માટે વધુ પ્રિય છે, જેઓ તેણીને ખુશ કરવા માટે ખોટી પ્રશંસા કરે છે. ગુસ્સેલ સ્વભાવ વાળી છોકરીઓઃ આચાર્ય ચાણક્ય લગ્ન માટે એવી છોકરી પસંદ કરવાની સલાહ આપે છે, જે શાંત સ્વભાવની હોય, જે દરેક મુદ્દા પર ગુસ્સે ન થાય.

કારણ કે આવી છોકરીઓને

BOLLYWOOD NEWS FLASH

### ચાહકો માટે અવારનવાર હોટ તસવીરો પોસ્ટ કરતી રહે છે, શ્રદ્ધા પોતાની બિકિની તસવીરોને લઈને પણ ચર્ચામાં રહે છે



## શ્રદ્ધા દાસ સાડીમાં ખૂબ જ હોટ અંદાજ જોવા મળી

। મુંબઈ, તા.૧૦ ।

સાઉથ એક્ટ્રેસ શ્રદ્ધા દાસ પોતાના ગ્લેમર લૂકના કારણે જાણીતી છે. અભિનેત્રી અવારનવાર પોતાની બોલ્ડ અને હોટ તસવીરો શેર કરતી રહે છે. અભિનેત્રીનો સાડી લૂક ખૂબ જ ચર્ચામાં રહે છે. પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સાડીમાં શાનદાર તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે. આ વીડિયો સોશિયલ મીડિયમાં ખૂબ જ વાયરલ થાય છે. શ્રદ્ધા દાસ સાડીમાં ખૂબ જ હોટ અંદાજ જોવા મળી રહ્યો છે. અભિનેત્રીએ અલગ-અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળે છે. અભિનેત્રીએ કાતિલ સાડી લૂક જોઈને ફેન્સ પણ તેના દિવાના બન્યા છે. ચાહકો તેના વીડિયોને ખૂબ જ પસંદ કરી રહ્યા છે. શ્રદ્ધા દાસે પોતાના શાનદાર અભિનયથી લાખો લોકોનું દિલ જીત્યું છે. શ્રદ્ધા દાસ સોશિયલ મીડિયા પર પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરે છે. ચાહકો માટે અવારનવાર હોટ તસવીરો પોસ્ટ કરતી રહે છે. શ્રદ્ધા પોતાની બિકિની તસવીરોને લઈને પણ ચર્ચામાં રહે છે. શ્રદ્ધા દાસનો જન્મ ૧૯૮૭માં મુંબઈમાં થયો હતો. મુંબઈમાં જન્મેલી શ્રદ્ધા બંગાળી પરિવારમાંથી છે. મુંબઈ યુનિવર્સિટીમાંથી પત્રકારત્વમાં સ્નાતક થયા પછી, અભિનેત્રીએ સિકાકુલમથી તેલુગુ ફિલ્મ સિદ્ધુથી ફિલ્મમાં પ્રવેશ કર્યો. તે જ સમયે, શ્રદ્ધાએ ફિલ્મ 'લાહોર'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ૪૦ થી વધુ ફિલ્મોમાં પોતાના અભિનયનો જાદુ પાથરનાર અભિનેત્રી શ્રદ્ધા ગ્રેટ ગ્રાન્ડ મસ્તી, દિલ તો બચ્ચા હૈ જી, આર્યા ૨, સનમ તેરી કસમ અને લાહોર જેવી બોલિવૂડ ફિલ્મોમાં જોવા મળી છે.

## જવાને એક ઝાટકે ૧૦ મુવીને પછાડી દીધી

। મુંબઈ, તા.૧૦ ।

શાહરુખની ફિલ્મ 'જવાન'ના દર્શકોને અઢળક પ્રેમ મળી રહ્યો છે. 'જવાન' મુવીના પહેલા શોની વાત કરવામાં આવે તો ફર્સ્ટ ડેના દિવસે સવારથી લઈને રાત સુધીમાં દરેક જગ્યાએ શો હાઉસફૂલ રહ્યા છે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર શાહરુખની આ ફિલ્મ લોકો માટે ટ્રિટ કરી રહી છે. એટલી કુમાર નિર્દેશિત આ ફિલ્મએ બમ્પર ઓપનિંગ કર્યુ છે. શરૂઆતના આંકડાઓ અનુસાર જણાવીએ તો કિંગ ખાને મોટા પડદા પર નવો રેકોર્ડ હાંસિલ કરી લીધો છે. 'જવાન' એ માત્ર ભારતમાં ૭૫ કરોડથી પણ વધારે બિઝનેસ કર્યો છે. શાહરુખે એની છેલ્લી ફિલ્મ પઠાનની સાથે કેજીએફ ૨, બાહુબલીનો પણ પહેલા દિવસનો રેકોર્ડ તોડી દીધો છે. શાહરુખ ખાનની ફિલ્મ 'જવાન' એ એક બે નહીં પરંતુ ૧૦ ફિલ્મોના ઓપનિંગ ડે કલેક્શનના મામલામાં પછાડી દીધો છે. શાહરુખ બોલિવૂડના એવા કલાકાર બની ગયા છે જે બન્ને ફિલ્મોએ



૧૦૦ કરોડનું ઓપનિંગ ડે કલેક્શન કર્યુ છે જેમાં ૧૦ ફિલ્મોને શાહરુખની ફિલ્મ જવાનને પછાડી દીધી છે. પઠાનથી લઈને સુલ્તાન સુધી અનેક શામેલ છે. પઠાન ૫૭, કેજીએફ ચેપ્ટર૨ ૫૩.૯૫, વોર ૫૩.૬૫, ઠગ્સ ઓફ હિન્દુસ્તાન ૫૨.૨૫, હેપ્પી ન્યૂ યર ૪૪.૩૦, ભારત, ૪૨.૩૦, બાહુબલી ૨'૪૧, પ્રેમ રતન ધન પાયો ૪૦.૩૫, ગદર ૨ ૪૦.૧૦ અને સુલ્તાન ૩૬.૫૪ કરોડ રૂપિયાની સાથે ઓપનિંગ કર્યુ હતુ. ફિલ્મ 'જવાન' મુવીનું કરણ જોહર અને કંગના રનૌતએ ભરપેટ વખાણ કર્યા છે.

### આવું અનેક વાર થાય છે જેમાં ફિલ્મનું શૂટિંગ સમયે એક્ટર તેમજ એક્ટ્રેસ ઇજાગ્રસ્ત થતા હોય છે

## એક્શનથી ભરપૂર VD ૧૮ના શૂટિંગ સમયે વરુણ ઇજાગ્રસ્ત

। મુંબઈ, તા.૧૦ ।

બોલિવૂડના એક્ટર વરુણ ધવન આ દિવસોમાં અપકમિંગ ફિલ્મ લઈને ચર્ચામાં છે. શાહરુખ ખાન પછી જવાન મુવીના નિર્દેશક વરુણ ધવનની સાથે વીડી૧૮ ફિલ્મ કરવાના છે. આ દિવસોમાં ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે, પરંતુ ફિલ્મના શૂટિંગ દરમિયાન વરુણ ધવનની ઈજા થઈ છે જેમાં ઘાયલ થયા છે. મળતી માહિતી અનુસાર આ સમાચાર સાંભળતાની સાથે વરુણના ફેન્સના નારાજ થઈ ગયા છે. ફેન્સને નારાજ જોઈને વરુણ હેલ્થ અપડેટ પણ શેર કરી છે. જો કે આવું અનેક વાર થાય છે જેમાં ફિલ્મનું શૂટિંગ સમયે એક્ટર તેમજ એક્ટ્રેસ ઈજાગ્રસ્ત થતા હોય છે. ફિલ્મ વીડી૧૮ના શૂટિંગ દરમ્યાન આ દિવસોમાં વરુણ ધવન વ્યસ્ત છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં શૂટિંગ સમયે તેઓ ઘાયલ થયા હતા જેમાં પગમાં ઈજા થઈ છે. સોશિયલ મિડીયામાં વરુણે એક વિડીયો શેર કરીને પોતાની હેલ્થ અપડેટ આપી છે. જો કે એક્ટરે એક વિડીયો ઈન્સ્ટા પર શેર કર્યો છે જેમાં વરુણ ધવન કહે છે કે..મને લાગે છે કે શૂટિંગ દરમ્યાન મને પગમાં ઈજા થઈ છે અને મને એ વાતની જાણ ન હતી કે આ ઈજા કેવી રીતે થઈ. આ તસવીરમાં તમે જોઈ શકો છો કે વરુણ ધવનને જે પગમાં ઈજા થઈ છે એ બરફના પાણીમાં ડુબાડે છે. વરુણ આ વિશે વધુમાં જણાવે છે કે આ આઈસ થેરાપીથી જલદી રાહત અપાવવા માટેની કોશિશ કરી રહ્યો છું. આ સાથે વધુમાં જણાવે છે.



### એક સ્પર્ધક વિશે વાત કરતા બિગ બીએ કહ્યું, આજે મારી સાથે હોટ સીટ પર શ્રી અશ્વિની કુમાર છે

## KBCમાં અમિતાભ બચ્ચન સુધી પહોંચી પતિ પત્નીની બબાલ

। મુંબઈ, તા.૧૦ ।

સાદીનાં સૌથી મોટા મેગાસ્ટાર અમિતાભ બચ્ચનનો ક્વિઝ રિયાલિટી શો 'કૌન બનેગા કરોડપતિ' સીઝન ૧૫ સતત હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં જ શોના સેટ પર બિગ બીએ ખુલાસો કર્યો હતો કે તેમની પત્ની અને અભિનેત્રી જયા બચ્ચન જ્યારે ઘરે પહોંચે છે ત્યારે તેઓ શું કરે છે. ક્વિઝ રિયાલિટી શોના ૧૮મા એપિસોડમાં, હોસ્ટ અમિતાભ બચ્ચને રોલઓવર સ્પર્ધક અશ્વિની કુમારનું હોટ સીટ પર સ્વાગત કર્યું હતું. આ સ્પર્ધક વિશે વાત કરતા બિગ બીએ કહ્યું, આજે મારી સાથે હોટ સીટ પર શ્રી અશ્વિની કુમાર છે. તે ઉત્તર પ્રદેશના હમીરપુરનાં રહેવાસી છે. તેમની પત્ની અહીં તેના સાથી તરીકે આવ્યા છે. સામાન્ય રીતે, જ્યારે ગેમ થોડી ઈન્ટરેસ્ટિંગ બની જાય ત્યારે સ્પર્ધકો પોતે જ પોતાનાં પાર્ટનરનો પરિચય આપે છે પણ, આજે મેં પોતે શરૂઆતમાં જ તેમનો પરિચય કરાવ્યો. અભિનેતાએ કહ્યું હતું જે, "આવું કરવા પાછળ એક કારણ છે. ગઈકાલે જ્યારે અમે રમત શરૂ કરી ત્યાર પછી મને તેના અંગત જીવન અને પરિવાર વિશે ઘણી બધી વાતો સાંભળવા મળી. સૌથી મહત્વની વાત એ છે કે અશ્વની તેની પત્ની દ્વારા નહીં પણ તેની માતા દ્વારા બનાવેલ ભોજન ખાય છે. તેની પત્ની નારાજ છે કે તે તેના દ્વારા રાંધેલો ખોરાક નથી ખાતો. "એક બીજી સમસ્યા છે, તે તેની પત્નીને ક્યાંય બહાર લઈ જતો નથી અને તેના માટે કોઈ ભેટ પણ ખરીદતો નથી." અભિનેતાએ વધુમાં ઉમેર્યું હતું કે, "દેવીઓ અને સજ્જનો, હું તમને જણાવી દઉં કે આ બધું જાણ્યા પછી, મારા મગજમાં એ વાત આવી કે જો આ શો 'કૌન બનેગા કરોડપતિ'ની જગ્યાએ 'કૌન બનેગા પતિ' હોત? તો કલ્પના કરો કે તે અહીં કેવું કેવી બની શકત. પતિ હોટ સીટ પર હોય, અને તેની પત્ની સામે મારી સીટ પર હશે. "હું શરૂઆતમાં સ્પર્ધકોને નિયમોનો પરિચય આપું છું, એ રીતે પત્ની પણ તેનાં નિયમો સમજાવી દેત. તમને દરરોજ ૧૫ પ્રશ્નો રજૂ કરવામાં આવશે. દાખ્લા તરીકે. તમે ક્યાં ગયા હતા?, તમે કોને મળ્યા હતા?, તમને આટલો સમય કેમ લાગ્યો? અને આ રીતે તમે અંતિમ પ્રશ્ન પર પહોંચશો, જે હશે, તમે ફોન પર કોની સાથે બબડાટ કરી રહ્યા હતા? ૮૦ વર્ષીય અભિનેતાએ આગળ કહ્યું, "ગેમમાં બે પડાવ આવશે. પહેલો પડાવ પાંચમા પ્રશ્ન પર પ્રથમ.



# દાહોદ ખાતે જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં વરોડ પ્રાથમિક શાળાના શિક્ષકનું સન્માન કરવામાં આવ્યું

। ઝાલોદ, તા.૧૦ ।

જિલ્લા શિક્ષણ અધિકારી અને પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દાહોદ દ્વારા જિલ્લાના તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તથા નવા આચાર્યનું સન્માન કર્યુ અને સાલ અને પુષ્પથી કરવામાં આવ્યું શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન થતા મોમેન્ટો આપી અલગ અલગ શિક્ષકોને ગણિત વિજ્ઞાન તેમજ આજના યુગમાં ટેકનોલોજીને આગળ વધારવા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું અને જ્ઞાનસેતુના એક થી પાંચ નંબરના આવેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

શિક્ષક ૨૦૨૩ માં સરકાર દ્વારા રાજ્યકક્ષાના એ ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ તેમજ જિલ્લા કક્ષાએ ૯૪ શિક્ષકો શ્રેષ્ઠ શિક્ષક અને તાલુકા કક્ષાએ ૨૧૮ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ જેમાં પસંદ થયેલા શિક્ષકોનું શિક્ષક દિન નિમિત્તે રાજ્ય કક્ષા તથા જિલ્લા મથકોએ કરવામાં આવ્યું જેમાં સાંસદ જશવંતસિંહ ભાભોર જિલ્લા પ્રમુખ શિતલ કુમારી વાઘેલા ધારાસભ્ય મહેશ ભુરીયા, ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર, મહામંત્રી નરેન્દ્ર સોની, જિલ્લા કલેકટર હર્ષિત ગોસાવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઝાલોદ તાલુકાની વરોડ પ્રાથમિક શાળામાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે મન્સૂરી સોયેબ ને શ્રેષ્ઠ શિક્ષક પારતોષિક આપી સન્માન કરવામાં આવ્યું. ઝાલોદ તાલુકા ની વરોડ પ્રાથમિક શાળાના શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા આ ૫ પર સપ્ટેમ્બરના શિક્ષક દિવસના રોજ દાહોદ





સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા પ્રમુખ શીતલબેન, ઝાલોદ તાલુકાના ધારભ્ય મહેશ ભુરીયાએ એવોર્ડ આપી ઝાલોદ તાલુકાના વરોડ પ્રાથમિક શાળાના શિક્ષક મન્સૂરી શોએબને સન્માનિત કર્યા શાળાના તાલુકા તેમજ જિલ્લા લેવલે ખૂબ જ શિક્ષણ કાર્યમાં બાળકોને સતત માર્ગદર્શન અને કાર્યશીલ શિક્ષક શાળા અને તાલુકાનું નામ રોશન કર્યું હતું. જિલ્લા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અધિકારી તેમજ શિક્ષક સંઘના મહામંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ખૂબ સારું આયોજન કરવામાં આવ્યું હતું આભાર વિધિમાં શિક્ષણ પ્રાથમિક અધિકારી નિલેશભાઈ મુનિયાએ કરી હતી.

# ઝાલોદ નગરના માળી સમાજના યુવકનું રણુજાધામ જતાં માર્ગ અકસ્માતમાં મોત

પંકજ પંડિત

। ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ નગરનો માળી સમાજનો યુવક જીતેન્દ્ર શાંતિલાલ માળી રણુજાધામ મુકામે જતાં પગપાળા સંઘ સાથે જતાં હતાં તે દરમ્યાન અજાણ્યા વાહન ચાલક દ્વારા જીતેન્દ્રભાઈને પાછળથી ટક્કર મારી નાસી છૂટેલ હતુ. અજાણ્યા વાહનની ટક્કર વાગતા જીતેન્દ્ર માળીને ઈજા થતાં તાત્કાલિક સારવાર અર્થે જોધપુર મુકામે હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવેલ હતા ત્યાં સારવાર દરમ્યાન જીતેન્દ્ર માળીનુ મૃત્યુ થયેલ હતું. જીતેન્દ્ર માળીની અચાનક થયેલ મોતના સમાચાર મળતાં તેમના પરિવારજનોમાં માતમનો માહોલ સર્જાયો હતો.




મહીસાગર જિલ્લાના કડાણા તાલુકામાં આવેલ ઉમરિયા ગામે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ નવચંડી યજ્ઞનું આયોજન શ્રાવણ વદ દસમ ને શનિવાર ના રોજ રાખવા માં આવેલ હતું જેમાં ગ્રામજનો દ્વારા ગામની સુખાકારી તેમજ તંદુરસ્તી માટે ભૂદેવો દ્વારા હવન કરવામાં આવ્યું. આ દિવસે સાંજે મહા આરતી તેમજ ભોજન પ્રસાદી નું આયોજન કરવામાં આવ્યું.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરત દ્વારા માંડવી રાઈસ મિલ ખાતે શિયાળુ જુવારની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની તાલીમ તથા કિસાન ગોષ્ઠિ યોજાઈ



। સુરત, તા.૧૦ ।

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત દ્વારા માંડવી રાઈસ મિલ ખાતે નવસારી કૃષિ યુનિવર્સિટી-ના નિયામકશ્રી ડો.નિકુલસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં શિયાળુ જુવારની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની તાલીમ તથા કિસાન ગોષ્ઠિ યોજાઈ હતી. જેમાં માંડવી તાલુકાના જુવારની ખેતી કરતા ૨૫થી વધુ ખેડૂતોએ તાલીમ મેળવી હતી.

ડો.નિકુલસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ૨૦૨૩ નું વર્ષ એ આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ જાહેર કરાયું છે. આપણી પારંપરિક ખેતપેદાશો, જાડાધાન-મિલેટ્સને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવાની સફળતા યુનો દ્વારા આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષની ઉજવણીથી મેળવી છે. મિલેટ્સની ખેતી ભારતમાં સદીઓથી થાય છે. સિંધુ ખીણ સભ્યતા-ઈન્ડસ વેલીમાં મિલેટ્સની ખેતી અને તેના આહાર અંગેના પૂરાવા મળેલા છે. મિલેટ્સ એટલે કે બાજરી, જુવાર, જવ, રાગી, રાજગરો વગેરે જાડા ધાન અનેક પોષક તત્વોથી ભરપૂર અને શક્તિદાયક છે, પાચનમાં પણ મદદરૂપ છે. મિલેટ્સના નિયમિત ભોજનથી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, બ્રેઈન સ્ટ્રોક, આંતરડાના કેન્સર અને અન્ય ગંભીર બિમારીનું જોખમ ઘટી જાય છે. આ ઉપરાંત, હલકા ખાતર જંતુનાશક દવાના ઉપગોય વગર ધાન્ય પાકોનું કોઈ પણ પ્રકારની જમની અને કોઈપણ ઋતુમાં કરી શકાય છે તથા તેના સ્વાસ્થ્યના ફાયદા સમજાવી ખેડૂતોને હલકા ધાન્ય ઉગાડવા તેમજ બહેનોને વિવિધ વેલ્યુ એડિશનની પ્રોડક્ટ બનાવવાની તાલીમ અંગે પ્રોત્સાહિત અને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### રાજપારડી પોલીસ દ્વારા

# ઈદે મિલાદ અને ગણેસચતુર્થી તહેવારને અનુલક્ષી શાંતી સમિતિની બેઠક યોજાઈ

। મલેક યસદાની ભરૂચ, તા.૧૦ ।

રાજપારડી પોલીસ સ્ટેશન દ્વારા રાજપારડી ગ્રામ પંચાયત ખાતે આગામી ઈદે મિલાદ અને ગણેચતુર્થીના તહેવારને લઈ શાંતિ સમિતિની બેઠક મળી હતી. તારીખ ૯ સપ્ટેમ્બર રોજ સાંજે ૫ કલાકે ઝઘડિયા તાલુકાના રાજપારડી પોલીસ દ્વારા પીએસઆઈ કે.બી.મીરના અધ્યક્ષ સ્થાને રાજપારડી ગ્રામ પંચાયત ખાતે રાજપારડી નગર અને પંથકમાં ગણેચતુર્થી તેમ જ ઈદે મિલાદના તહેવારમા કોઈ અનિચ્છનિય ઘટના ના બને તેમ જ શાંતિ પૂર્ણ અને સોહાર્દ મય વાતાવરણમાં ઉજવાય એ હેતુ થી શાંતી સમિતિની બેઠકનુ આયોજન કરવામાં આવ્યું હતુ.બેઠકમાં ઉપસ્થિત લોકોને પીએસઆઈ કે.બી.મીરે તહેવારોની ઉજવણીને લઈ યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ તેમ જ લોગોના અભીપ્રાય અને જરૂરીયાત અંગે માહિતી મેળવી હતી.પીએસઆઈ કે.બી.મીરે તહેવારોની



શુભેચ્છા પાઠવી હતી અને બન્ને તહેવારો શાંતી પુર્ણ રીતે ઉજવવા અપીલ કરી હતી. બેઠકમાં રાજપારડી નગર અને પંથકના આગેવાનો, સરપંચો, સામાજિક કાર્યકરો, યુવક મંડળના સભ્યો તેમ જ અલગ અલગ કમિટીઓના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### નગરમાં ઠેરઠેર કાવડયાત્રીઓનુ સ્વાગત પુષ્પ ઉછાળી કરવામાં આવ્યું

# ઝાલોદ નગરમાં કાવડયાત્રા નીકળતા આખું નગર શિવમય બની ગયું

। ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ નગરના યુવાનો મોટા પ્રમાણમાં તારીખ ૦૯-૦૯-૨૦૨૩ ના રોજ રાત્રીના ૯ વાગે સોમનાથ મહાદેવ મંદિરે થી દાહોદ કેદારનાથ ધામ જવા માટે વાહનો દ્વારા ગયેલ હતા. દાહોદ કેદારનાથધામ ખાતે ઝાલોદના યુવકો દ્વારા શિવ પૂજન કરી ભવ્ય ભજનની રમઝટ પણ જમાવી હતી. નગરના યુવાનો કેદારનાથ ધામ ખાતે ભજન કરી આખું વાતાવરણ ભક્તિમય કરી દીધું હતુ ઉપસ્થિત સહુ લોકો શિવજી ની ભક્તિમાં રંગાઈ ગયેલ હતા.

તારીખ ૧૦-૦૯-૨૦૨૩ ના રોજ વહેલી સવારે કેદારનાથ ધામ ખાતે પૂજન અર્ચન કરી ત્યાથી પવિત્ર જળ કાવડમાં ભરી ઝાલોદ મુકામે પગપાળા આવવા નીકળ્યા હતા. વહેલી સવારથી નગરના સેવાભાવી લોકો પગપાળા આવતા કાવડ યાત્રીઓની સેવા માટે ઉમટી પડેલ હતા અને કાવડ યાત્રીઓને માર્ગમાં કોઈ તકલીફ ન પડે તેની તકેદારી રાખતા જોવા મળતા હતા. કાવડ યાત્રીઓ નગરમાં આવતા ડીજે સાથે શિવજીના



ભજન કરતા નગરના માર્ગો પર નીકળી હતી. નગરના માર્ગો પર કાવડયાત્રીઓનું સ્વાગત પુષ્પોની છોળો ઉડાવી નગરના લોકો એ કર્યુ હતું. આખું નગર ઓમ નમઃ શિવાયના ભક્તિમય માહોલમાં રંગાઈ ગયેલ જોવા મળતું હતુ. બોલ બમ... બમ બમ ...ના ગગનભેદી નારા થી આખું વાતાવરણ ગુંજી ઉઠયું હતું. નગરના સોમનાથ મહાદેવ મંદિરના પુજારી દ્વારા કાવડ યાત્રીઓ નારિયેળ ફોડી તિલક કરી સ્વાગત કરવામાં આવેલ હતું. કાવડ યાત્રીઓ દ્વારા પવિત્ર જળને સોમનાથ મહાદેવ મંદિરે ચઢાવી ધન્યતા અનુભવી હતી. દરેક કાવડ યાત્રીઓના ચહેરાઓ પર ભક્તિનો અનેરો આનંદ છવાયેલો જોવા મળતો હતો.

### બેંક ઓફ બરોડામાં અનેજિલ્લા તિજોરી કચેરીમાં કરાયેલી ફરિયાદ

# રાજપીપળામાં પેંશનરોની ખરાઈ કરવામાં બેંક ઓફ બરોડા અને જિલ્લા તિજોરી કચેરીનો અંધેર વહીવટ

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૦ ।

રાજ્ય સરકારના નિવૃત્ત કર્મચારીઓને પહેલી તારીખે નિયમિત રીતે પેન્શન મળતું હોય છે. જે તે કર્મચારીના બેંક ખાતામાં પહેલી તારીખે પેન્શન જમા થતું હોય છે. પરંતુ ચાલુ વર્ષે નર્મદા જિલ્લામા ઓગસ્ટમાં પહેલા કરાઈ કરવાની હોવાથી રાજપીપલા એક જાગૃત પેન્શનર કર્મચારીએ રાજપીપળાની બેંક ઓફ બરોડા શાખામાં જઈને નિયત ફોર્મ ભરીને સહી બેંકના કર્મચારીને ખરાઈ કરેલું ફોર્મ આપેલ હતું. બેંકના કર્મચારીઓ તમામ નગરના ફોર્મ ભરીને ખરાઈ કરીને સામટા જિલ્લા તિજોરી કચેરીને મોકલી આપતા હોય છે. જેમાં એક જાગૃત કર્મચારીનું બેંક ઑફ બરોડાના કર્મચારીની બેદરકારી અને અંધેર વહીવટને કારણે જિલ્લા તિજોરી કચેરીએ પહોંચી ન હોવાની ફરિયાદ ફરિયાદી પેંશનરે કરી છે

જેના કારણે આ કર્મચારી નું પહેલી તારીખે પેન્શન જમા ન થતા કર્મચારીએ આશ્ચર્ય અનુભવ્યું હતું. આ અંગે બેંકમાં જઈ તપાસ કરતા પહેલી તારીખે બેંક મેનેજર રજા પર હતા. તેથી કર્મચારીએ બેંક મેનેજરને લેખિત ફરિયાદ પણ આપી હતી. તરત જ પહેલી તારીખે તે જ દિવસે કર્મચારી જિલ્લા તિજોરી કચેરી ખાતે પહોંચ્યા હતા. અને ત્યાંના અધિકારીને મળતા રજૂઆત કરતા તપાસ કરતા જાણવા મળેલ કે બેંક તરફથી ખરાઈનું ફોર્મ આવેલ ન હોવાથી ખરાઈ થયેલ ન હોવાથી



તમારું પેન્શન થયેલ નથી. ત્યારે કર્મચારીએ જણાવેલ કે મેં બેંકમાં જઈને ખરાઈ કરાવેલ છે. છતાં મારા ખરાઈ નો રિપોર્ટ તમારી પાસે કેમ આવ્યો નથી? જયારે બેંક મેનેજરને રૂબરૂ રજુઆત કરતા મેંનેજરે તિજોરી કચેરીને ખો આપી અમે તો અહીંથી મોકલીજ દીધું છે પણ તિજોરી કચેરીવાળા અટવાઈ નાંખે છે એમ કહી બંને કચેરીઓ એક બીજા ઉપર દોષારોપણ કરતા કર્મચારીએ બન્નેને લેખિત ફરિયાદ કરી હતી. ત્યારબાદ તિજોરી કચેરીના કર્મચારીએ જણાવેલ કે તમારી ખરાઈ ન થઈ હોય તો અહીંથી પણ ખરાઈ થઈ શકે છે. એટલે એ કર્મચારીએ પહેલી તારીખે તે જ દિવસે સહી કરીનેફરીથી બીજી વાર ખરાઈ કરાવેલ. અને કચેરીએ આનો રિપોર્ટ ગાંધીનગર પડશે એમ જણાવેલ. આજે એ વાતને દસ દસ દિવસ થઈ ગયા છતાં પણ હજી પણ.બેંકના ખાતામાંપેંશન જમા થયેલ નથી. આ અંગે કર્મચારીએ તિજોરી અધિકારીને પણ લેખિત ફરિયાદ આપેલ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર જિલ્લા પંચાયત તથા દહેગામ તાલુકા પંચાયતના નવા ભવનોનું ભૂમિપૂજન કર્યું

। ગાંધીનગર, તા.૧૦ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, ગ્રામીણ સ્તર થી લઈને જિલ્લા અને શહેરો સહિતના વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં સૌના સાથ સૌના વિકાસના ધ્યેય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનિતીનો નવો ઈતિહાસ રચ્યો છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જનસેવા અને સુશાસનની જે નવતર પરંપરા વડાપ્રધાનશ્રીએ વિકસાવી છે તેમાં લોકોના ઈઝ ઓફ લિવિંગમાં વૃધ્ધિ, પર્યાવરણ સાથે સંતુલન જાળવતી મિશન લાઈફ જીવન શૈલી અને પ્રાકૃતિક ખેતી દ્વારા તંદુરસ્ત જનજીવન જેવા હોલીસ્ટીક ડેવલપમેન્ટને તેમણે અગ્રતા આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા નિર્માણ થનારા અદ્યતન ભવન તથા દહેગામ તાલુકા પંચાયત ભવનના ભૂમિપૂજન સામારોહના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. પાટનગર ગાંધીનગર જિલ્લાનું આ નવું પંચાયત ભવન ૭૬૯૫ ચોરસમીટરની વિશાળ જગ્યામાં નિર્માણ થવાનું છે. એટલું જ નહિં, દહેગામ તાલુકા પંચાયતનું ભવન પણ ૩૯૦૦ ચો.મીટરમાં અંદાજે રૂ. ૩ કરોડ ૧૦ લાખના ખર્ચે આકાર પામશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટલે જણાવ્યું કે, વિકાસ કેવો હોય અને વિકાસ કોને કહેવાય તે આજે દેશ અને દુનિયાના લોકો વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડર શીપમાં અનુભવી રહ્યા છે. ભારતને જી- ૨૦ ની યજમાનીનું ગૌરવ અપાવનાર વિશ્વનેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતના જ નહિ, વિશ્વના અનેક રાષ્ટ્રોના લોકોને પણ વિશ્વાસ છે કે આવનારા સમયમાં ભારત વિશ્વગુરૂ બનશે જ, એમ તેમણે ભારપૂર્વક ઉમેર્યુ હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ડિજીટાઈઝેશન જેવી પેપરલેસ, ઈફેકટીવ ગર્વનન્સ માટે જે પ્રેરણા આપી છે તેને રાજય સરકાર અધતન સુવિધા સભર પંચાયત ભવનોથી સાકાર કરવા સંકલ્પ બધ્ધ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.



### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારું મનપસંદ સંગીત સાંભળવું એ તમને ચાના કપ કરતા વધારે તાજું અનુભવી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.



### કર્ક (ડ,હ) :

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.



### સિંહ (મ,ટ) :

આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે- તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે.



### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. આજે તમે જે કાર્ય પૂર્ણ કરી શકશો તે ટાળો નહીં, તો તે તમારા માટે સારું રહેશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.



### તુલા (ર,ત) :

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે.



### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.



### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.



### મકર (ખ,જ) :

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. પ્રેમ જીવન આશા લાવશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો.



### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને ધીમો દિવસ. તમે તમારા વ્યક્તિત્વ ને નિખારવા માટે થોડો સમય પસાર કરી શકો છો, કારણ કે સ્વ-નિર્માણ માં આકર્ષક વ્યક્તિત્વ નો મહત્વપૂર્ણ ફાળો છે.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. કોઈ નજીકના મિત્રોથી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.




નવી દિલ્હીમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ઈમેન્યુઅલ મેકોન સાથે ચર્ચા કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.



નવી દિલ્હીમાં નેધરલેન્ડના વડાપ્રધાન શ્રીમાર્ક રૂટ્ટે સાથે બેઠક કરતા વડાપ્રધાન મોદી.



નવી દિલ્હીમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ શ્રી લુઈઝ ઈનસિઓ લુલા ડા સિલ્વા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી.



નવી દિલ્હીમાં દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ શ્રી યૂન સુક ચિઓલ સાથે હાથ મીલાવતા વડાપ્રદાન નરેન્દ્ર મોદી.




નવી દિલ્હી ખાતે જર્મન ચાન્સેલર શ્રી ઓલાફ સ્કોલ્ઝ સાથે બેઠક કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.



નવી દિલ્હીમાં તુર્કીના રાષ્ટ્રપતિ શ્રી રેસેપ તાયપ એર્દોઆન સાથે પીએમ મોદી.



નવી દિલ્હીમાં યુરોપિયન પ્રમુખ કુ. ઉર્સુલા વોન ડેર લેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ શ્રી ચાર્લ્સ મિશેલ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

**હવે વિશ્વ બેન્કના અધ્યક્ષે પણ કર્યા વખાણ : વિશ્વ બેન્કના અધ્યક્ષ અજય બંગાએ કહ્યુ કે ભારતે જી૨૦ની અધ્યક્ષતામાં દુનિયા માટે એક નવો રસ્તો નક્કી કર્યો છે**

# ભારતની G20 અધ્યક્ષતાની દીવાની બની આખી દુનિયા

। નવી દિલ્હી, તા.૧૦ ।

**G20 Summit** ભારતની જી૨૦ અધ્યક્ષતાની દરેક પ્રશંસા કરી રહ્યાં છે. આ કડીમાં વિશ્વ બેન્કના અધ્યક્ષ અજય બગાં પણ સામેલ થયા છે. બંગાએ કહ્યુ કે ભારતે જી૨૦ની અધ્યક્ષતામાં દુનિયા માટે એક નવો રસ્તો નક્કી કર્યો છે. તેમણે તે વાતની પણ પ્રશંસા કરી કે જી૨૦ ઘોષણાપત્ર પર દરેક દેશોની સહમતિ બની શકી.

બંગાએ કહ્યુ કે હું તે તથ્યથી ખુશ છું કે જી૨૦ દેશ એક બીજાનો સાથ આપવા માટે એક સાથે ઉભા છે. તેમણે કહ્યું કે દુનિયા જોઈ રહી છે કે જી૨૦ને કઈ રીતે વિકસિત દુનિયા અને વિકાસશીલ દેશ મળ્યા છે. સમાચાર એજન્સી સાથે વાત કરતા, બંગાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પડકારો હંમેશા અસ્તિત્વમાં રહેશે, પરંતુ ભારતે સર્વસંમતિ બનાવીને વિશ્વને રસ્તો બતાવ્યો છે. બંગાએ વધુમાં કહ્યું કે, વિશ્વની જીડીપીનો ૮૦ ટકા ભાગ રૂમમાં બેઠો હતો. જો તેઓ કોઈપણ વિષય પર સહમત ન હોય તો તેનાથી સારો સંદેશ નહીં જાય. ઘોષણા પર સર્વસંમતિ બનાવવા માટે સક્ષમ થવા બદલ હું ભારત, તેના નેતૃત્વ અને ૨૦ નેતાઓની ખરેખર પ્રશંસા કરું છું.

બંગાએ કહ્યુ કે દરેક દેશ પોતાનો ફાયદો જુએ છે. પરંતુ મેં આ સંમેલનમાં જે મૂડ જોયો, તેનાથી હું આશાવાદી છું. વિશ્વ બેકના અધ્યક્ષે કહ્યુ કે અહીં દરેક દેશ પોતાના રાષ્ટ્રીય હિતોનું ધ્યાન આપી રહ્યો હતો, પરંતુ બીજાના વિચારોને પણ સાંભળી રહ્યો હતો.

તમને જણાવી દઈએ કે **G20** ઘોષણાપત્ર સૌથી મોટી ઉપલબ્ધિ એ હતી કે તેના તમામ ૮૩ ફકરા ચીન અને રશિયા સાથે ૧૦૦ ટકા સહમતિ સાથે પસાર કરવામાં આવ્યા હતા. આ પ્રથમ વખત હતું જ્યારે જાહેરાતમાં સ્પીકરની કોઈ નોંધ અથવા સારાંશનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

## વડાપ્રધાન મોદી અને યુકે પ્રધાનમંત્રી સુનક વચ્ચે દ્વિપક્ષીય બેઠકમાં વેપાર સંબંધોને વધુ મજબૂત કરવા પર ભાર મુકાયો

દિલ્હીમાં ચાલી રહેલી **G20** મીટિંગ બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનક સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાઓ વચ્ચેની આ મુલાકાત પ્રગતિ મેદાનના ભારત મંડપમમાં થઈ હતી. આ બેઠક દરમિયાન બંને નેતાઓ વચ્ચે વેપાર સંબંધોને વધુ મજબૂત કરવા અને રોકાણને પ્રોત્સાહન આપવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી હતી. બ્રિટિશ વડા પ્રધાન સાથેની દ્વિપક્ષીય મુલાકાત પછી પીએમ મોદીએ ટ્વિટ કર્યું કે, દિલ્હીમાં **G20** સમિટના અવસર પર ઋષિ સુનકને મળવું ખૂબ જ સારું લાગ્યું. અમે વેપાર સંબંધોને વધુ મજબૂત કરવા અને રોકાણને પ્રોત્સાહન આપવાની રીતો પર ચર્ચા કરી છે. ભારત અને બ્રિટન એક સમૃદ્ધ અને સસ્ટેનેબલ પ્લેનેટ્સ માટે કામ કરવાનું ચાલુ રાખશે. અગાઉ, બંને દેશોના નેતાઓ મે મહિનામાં હિરોશિમામાં **G7** સમિટમાં મળ્યા હતા, જેમાં ભારત-યુકે મુક્ત વેપાર કરાર, ઈનોવેશન અને સાઈન્સ તેમજ અન્ય ઘણા મુદ્દાઓ સહિત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી હતી. જી-૨૦ બેઠકમાં ભાગ લેવા માટે બ્રિટિશ વડાપ્રધાન શુક્રવારે સાંજે ભારત પહોંચ્યા હતા. આ પછી, તેમણે શનિવારે **G20**ના પ્રથમ સત્રમાં ભાગ લીધો અને ત્યારબાદ તેમણેઁ ર સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. મહત્વનું છે કે, બંને દેશો મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે આ વાતચીત ૨૦૨૨માં શરૂ થઈ હતી.

**અમદાવાદના ટ્રાફિકમાં રાહત મળશે** ગુજરાત કોલેજ નજીક જી આકારનો ફ્લાયઓવર બનાવ્યા બાદ પંચવટી સર્કલ પાસે L શેપનો ફ્લાયઓવર બનશે

# પંચવટી ક્રોસરોડ પર એલ શેપનો ફ્લાયઓવર બનશે

। અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં ભારે ટ્રાફિક સર્જાતો હોય તેવા અનેક ક્રોસરોડ પર ફ્લાયઓવર બની રહ્યા છે. છતાં ઘણી જગ્યાએ ટ્રાફિકની સમસ્યાનો કોઈ ઉકેલ નથી આવ્યો. તેના કારણે હવે શહેરમાં L આકારનો એક ફ્લાયઓવર બનાવવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાત કોલેજ નજીક જી આકારનો ફ્લાય ઓવર બનાવ્યા બાદ હવે પંચવટી સર્કલ પાસે L શેપનો ફ્લાય ઓવર બનાવવામાં આવશે. પંચવટી સર્કલ પાસે જે ફ્લાયઓવર બનશે તે લો ગાર્ડન નજીક આવેલી રેડિસન બ્લૂ હોટેલથી શરૂ થશે અને પંચવટી સર્કલ થઈને ગીતા રાંભિયા સર્કલ તરફ જશે. આ ફ્લાય ઓવર સી એન વિદ્યાલયના ગેટ પાસે ઉતરશે.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૦૨૩-૨૪ના બજેટમાં આ પ્રોજેક્ટ માટે જોગવાઈ કરવામાં આવી છે અને પંચવટી ખાતે માત્ર એક જંકશન માટે ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવાનો હતો. પરંતુ હવે પ્લાનમાં ફેરફાર થયો છે અને આ ફ્લાયઓવરને સી એન વિદ્યાલય સુધી લંબાવવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું કે નવા ફ્લાયઓવર માટે એક વિગતવાર ટ્રાફિક ફ્લો સ્ટડી કરવામાં આવશે. આ પ્રોજેક્ટના ટીકાકારો કહે છે કે ફ્લાયઓવર બન્યા પછી પણ ટ્રાફિકમાં કોઈ ઘટાડો નહીં થાય અને ગીચતા વધશે. ૨૦૧૧માં સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે (CRRI) ૩૪ ટ્રાફિક જંક્શન પર ફ્લાય ઓવર બનાવવા સૂચન આપ્યું હતું અને તેમાં પંચવટીનો સમાવેશ થતો ન હતો. સીઆરઆરઆઈએ પંચવટીના બદલે પરિમલ ગાર્ડન ક્રોસરોડ નજીક ફ્લાયઓવર બનાવવા દરખાસ્ત કરી હતી. અહીં ફ્લાયઓવર બને તો સૌથી વધારે ઉપયોગી સાબિત થાય તેમ છે. CRRI દ્વારા જે ફ્લાયઓવરની દરખાસ્ત કરવામાં આવી હતી તેમાંથી ૧૫ ફ્લાયઓવર અત્યાર સુધીમાં બાંધવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું કે એસ આકારનો ફ્લાયઓવર સૌથી ઓછો ઉપયોગ કરવામાં આવે છે. ફ્લાયઓવરને મોટા ભાગે એવા લોકો પસંદ કરે છે જેમને આશ્રમ રોડ પર આવવું ન હોય પરંતુ નદીની પેલે પાર જવું હોય. પંચવટી ફ્લાયઓવર બનાવવાનો પ્લાન નક્કી કરવા અમદાવાદમાં મણિનગર સ્થિત IITRAM ની મદદ લેવામાં આવી છે. આ અભ્યાસમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે લો ગાર્ડનથી આંબાવાડી તરફ જતો એક ફોર લેન ફ્લાયઓવર બનાવવામાં આવે. પંચવટી ચાર રસ્તા ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હવે માનસી જંકશન, વિસત-ચાંદખેડા જંકશન અને પાંજરાપોળ જંકશન પર પણ ફ્લાયઓવર બનાવવાની યોજના ધરાવે છે. છેલ્લા બે દાયકામાં અમદાવાદના ઝડપી વિકાસના કારણે અહીં વાહનોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે જેના કારણે રસ્તાને પહોળા કરવા છતાં અને અનેક ફ્લાયઓવર બનાવવા છતાં શહેરમાં ટ્રાફિકની સમસ્યાનો કોઈ અંત દેખાતો નથી.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં મગરે કરેલા હુમલામાં બે લોકોના મોત

। વડોદરા, તા.૧૦ ।

વાઘોડિયા તાલુકાના ગુતાલ અને લિમડા ગામે મગરે બે લોકો પર હુમલા કર્યો છે. મગરના હુમલામા બન્નો કમકમાટી ભર્યા મોત થયા છે.

ગુતાલ ગામે કુદરતે હાજતે ગયેલા ૬૫ વર્ષીય વૃધ્ધને મગરે જડબામા જકડી લીધા હતા. સુર્યા કોતરમા મગરે વૃ ધ્ધાની જાંગ પકડતા વૃધ્ધે વેલો પકડી બુમાબુમ કરતા સ્થાનિકો દોડી આવ્યા હતા. મગરના જડબામા ફસાએલા વૃધ્ધને છોડાવી સારવાર અર્થે ખસેડયા હતા.ટુકી સારવાર બાદ હોસ્પિ ટલમાં વૃધ્ધનુ મોત થયું હતું. વનવિભાગ અને પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તો બીજા બનાવમા લિમડા ગામે તળાવમા ન્હાવા પ ડેલા યુવકને મગર ખેંચી ગયો હતો. સ્થાનિકોએ બુમાબુમ કરતા લોકોના ટોળેચોળા ઘટના સ્થળે ઊમટી પડ્યા હતા. લિમડા ગામે રહી છુટક મજુરી કરતા યુવાનને મગર ખેંચી ગયો હતો. તળાવમા બાવળના ઝાડ નીચે મૃતકનો મૃતદેહ દેખાયો હતો.જે બાદ સ્થાનિકોએ મૃ તદેહ કાઢવાનો પ્રયત્ન હાથ ધર્યો હતો. જો કે, વનવિભાગ અને પોલીસ તંત્ર આ ઘટનાથી

### પ્રથમ ફ્લાઈટનું વોટર કેનનથી સ્વાગત કરાયું

# હીરાસર ખાતે આવેલું રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ કાર્યરત

## એરપોર્ટ પર પ્રથમ ફ્લાઈટ ૮ કલાકે ઈન્દોરથી આવી પ્રથમ ફ્લાઈટનું વોટર કેનનથી સ્વાગત કરવામાં આવ્યું

। રાજકોટ, તા.૧૦ ।

હીરાસર ખાતે આવેલું રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ આજથી કાર્યરત થયું છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પ્રથમ ફ્લાઈટ ૮ વાગ્યે ઈન્દોરથી આવી પહોંચી હતી. પ્રથમ ફ્લાઈટની વોટર કેનનથી સ્વાગત કરાયુ હતું. હાલ ડોમેસ્ટિક ફ્લાઈટસ જ નવા એરપોર્ટ પરથી ચાલુ રહેશે. જોકે, ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થતાં હજુ સમય લાગી શકે છે. જુના ટાઈમ ટેબલ મુજબ જ નવા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ડોમેસ્ટિક ફ્લાઈટ ચાલુ રહેશે. હાલ રાજકોટથી દેશના અલગ અલગ શહેરોમાં આવવા જવા માટે દરરોજ ૧૧ ફ્લાઈટની અવર જવર થઈ રહી છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મધ્ય



પ્રદેશથી આવેલી પહેલી ફ્લાઈટ લેન્ડ થઈ હતી. ઈન્દોરથી આવેલી ફ્લાઈટનું વોટર કેનનથી ભવ્ય સ્વાગત કરાયુ હતું. રાસ-ગરબાની રમઝટ સાથે મુસાફરોનું સ્વાગત કરાયું હતું.ગરબાની રમઝટ સાથે સાંસદો અને ધારાસભ્યોની હાજરીમાં આ ફ્લાઈટનાં મુસાફરોને તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજકોટથી ૩૧ કિલોમીટર દૂર બનાવાયેલું હીરાસર એરપોર્ટ હવે રાજકોટનું નવુ નજરાણું બનશે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનો આજથી પ્રારંભ કરાયો છે. ૨૭ જુલાઈએ વડાપ્રધાનને આ એરપોર્ટનો પ્રારંભ કર્યો હતો. જેના બાદ નેતાઓએ દીપ પ્રાગટ્ય કરીને એરપોર્ટનો પ્રારંભ કરાવ્યો હતો. સાવેર ૮ વાગ્યે ઈન્દોરથી પહેલી ફ્લાઈટ આવી પહોંચી હતી, જેનું વોટર કેનનથી સ્વાગત કરાયું હતું. એટલુ જ નહિ, એરપોર્ટ પર ગરબાની રમઝટ પણ જામી હતી. ફ્લાઈટથી ઉતરેલા તમામ મુસાફરોને તિલક લગાવી સ્વાગત કરાયું હતું. વડાપ્રધાન પીએમ મોદીના હસ્તે થોડા સમય પહેલા હિરાસર ખાતે ગુજરાતના સૌપ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટનો શુભારંભ થયો હતો. હિરાસર દેશનું ૧૨મું ગ્રીનફિલ્ડ એરપોર્ટ-દેશમાં અન્ય ૧૧ ગ્રીનફિલ્ડ એરપોર્ટ કાર્યરત-આવનારા ૩ વર્ષમા અન્ય ૫ નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનવાની ધારણા છે. ગ્રીનફિલ્ડ એરપોર્ટ એટલે એવું એરપોર્ટ કે જે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ હોય. જ્યાં ઈન્ટરનેશનલ એરપોર્ટનું પાયાથી બાંધકામ શરૂ થયું હોય, કોઈ હયાત એરપોર્ટ કે માળખામાં બદલાવ કે અપગ્રેડ કરીને બનાવાયું ન હોય. સામાન્ય રીતે શહેરની બહાર આવેલી ખેતીની કે વણવપરાયેલી જમીન પર શૂન્યમાંથી સર્જન કરીને પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવે તેને ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ કહેવામાં આવે છે. આવા પ્રોજેક્ટ માટે એવી જમીન સંપાદિત કરવામાં આવે છે કે જેનું માળખું ન્યૂનતમ હોય છે, જેનો ફાયદો એ છે કે જમીન પર કોઈ જૂનું બાંધકામ કે રોડ ન હોવાથી નવા પ્રોજેક્ટની ડિઝાઈન માટે કોઈ મર્યાદા નડતી નથી.

# હવામાન વિભાગે સપ્ટેમ્બરમાં સારા વરસાદની આગાહી કરી

। અમદાવાદ, તા.૧૦ ।

અત્યાર સુધીમાં ગુજરાતમાં ૯૮% વરસાદ થયો છે. રાજ્યમાં આજે પણ ભારે વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં આજે વરસાદની આગાહી છે. તો ઉત્તર ગુજરાત અને મધ્યમ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રમાં પણ કેટલાક ભાગોમાં વરસાદની આગાહી છે. આગામી ૨૪ કલાક બાદ રાજ્યમાંથી વરસાદનું જોર ઘટશે. જોકે, આગાહીમાં કચ્છમાં વરસાદની શક્યતા નહિવત છે. આગામી ૨૪ કલાક માટે વરસાદની આગાહી આવી ગઈ છે. હવામાન વિભાગના અપડેટ અનુસાર, આગામી ૨૪ કલાકમાં સારો વરસાદ રહેશે. ખેડા, પંચમહાલમાં ભારે વરસાદ રહેશે, તો અમરેલી, ગીર સોમનાથ, બોટાદમાં પણ વરસાદ રહેશે. આ ઉપરાંત છોટા ઉદેપુર, સુરત, તાપી, ડાંગ આગાહી છે. અમદાવાદમાં ૨૪ કલાકમાં સામાન્ય વરસાદની આગાહી છે.

# અમરેલી ધારી હાઇવે પર એસટી બસનો અકસ્માત

। અમરેલી, તા.૧૦ ।

અમરેલી ધારી હાઈવે પર ધારીના છતડિયા પાટિયા પાસે એસટી બસના ડ્રાઈવરે સ્ટરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો,બસ ધોરાજી મહુવા રૂટની હોવાનું સામે આવ્યું છે. અકસ્માતમાં ૧૫ લોકોને નાની મોટી ઈજા થયાના અહેવાલ છે. ઘટનાની જાણ થતાં ધારાસભ્ય જે.વી.કાકડિયા પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઘાયલોને તાબડતોબ નજીકની ધારી અને ચલાલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે રવાના કરવામાં આવ્યા હતા. બસ ડ્રાઈવર સ્ટયરિંગ પરથી કાબૂ ગૂમાવતા બસ રોડની નીચે ઝાડીમાં ઉતરી ગઈ હતી. બારીના કાચ તૂટી ગયા હતા. અકસ્માત એવી રીતે સર્જાય હતો કે, બસનો દરવાજો બ્લોક થઈ ગયો હતો. પ્રવાસીઓને બસની પાછળની સાઈડથી રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. બીજી તરફ ગઈકાલે જેતપુર ગુંદાળા ગામ પાસે સ્વીફ્ટ કારે બે બાઈકને અડફેટે લેતા બે બાઈક ચાલકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાંથી એક યુવકનું સારવાર દરમિયાન મોત થયુ છે. ઘટના બાદ ઈજાગ્રસ્ત બાઈક ચાલકો ને સરકારી હોસ્પિટલ બાદ જૂનાગઢ હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયેલ હતા. જો કે સારવાર દરમિયાન હર્ષ પ્રવીણ ભાઈ વઘાસીયા નામના યુવક મોત થયું છે.

### ભરૂચના સાંસદનો બળાપો

# પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ મારાથી નારાજ : મનસુખ વસાવા

। ભરૂચ, તા.૧૦ ।

ભરૂચના સાંસદ મનસુખ વસાવા ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. આ સાથે જ પ્રદેશ ભાજપમાં ઉકળતા ચરું જેવી સ્થિતિ હોવાનું પણ સપાટી પર આવ્યું છે. આપને જણાવી દઈએ કે ગઈકાલે કમલમ ખાતે નર્મદાની સેન્સ પ્રક્રિયા ચાલી રહી હતી. તે દરમિયાન ભરૂચના સાંસદ મનસુખ વસાવા સેન્સ પ્રક્રિયા છોડીને નીકળી ગયા હતા. જો કે આ સમગ્ર મુદ્દે હવે મનસુખ વસાવાના પ્રતિક્રિયા સામે આવી છે. મનસુખ વસાવાએ કહ્યું કે પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ તેમનાથી નારાજ છે. મનસુખ વસાવાએ આ અંગે વધુ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, ભાજપના જ કેટલાક લોકો પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલને તેમના વિરુદ્ધ ગેરમાર્ગે દોરી રહ્યા છે. મનસુખ વસાવાએ આક્ષેપ કર્યા કે નાંદોદના ધારાસભ્ય દર્શના દેશમુખ, નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ, ઝઘડિયા ધારાસભ્ય રિતેશ વસાવા અને ઝઘડિયા તાલુકા પંચાયત ઉપપ્રમુખ પ્રકાશ દેસાઈ મળીને પ્રદેશ અધ્યક્ષને તેમના વિરુદ્ધમાં ગેરમાર્ગે દોરે છે.

આ સાથે જ મનસુખ વસાવાએ એ પણ સ્પષ્ટ કર્યું કે પાર્ટી તરફથી તેમને ટિકિટ મળે કે ન મળે, તેઓ સાંસદ તરીકે રહે કે ન રહે પરંતુ સ્થાનિક પ્રશ્નોને તેઓ વાચા આપતા રહેશે. સાથે જ સરકારની ગ્રાન્ટનો દુરુપયોગ કરનારા અને સંગઠનને નુકશાન પહોંચાડનાર લોકોના શરણે નહીં થાઉ તેવો પણ તેમણે હુંકાર કર્યો.


















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨